સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **26**

[JUNE - 2023]
[25/06/23 to 01/07/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**25 JUNE-2023**

- દિવસ મહિમા : 25 જૂન, વિશ્વ પાંડુરોગ દિવસ, આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ ........ 02
- Global Liveability Index 2023 ........ 02
- ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે ........ 03
- QUESTION ANSWERS ........ 05

**26 JUNE-2023**

- દિવસ મહિમા : 26 જૂન, વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન, ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ વિશ્વ રેફ્રિજરેશન દિવસ ........ 06
- લ્યુકેમિયાની સારવાર માટે મેડિસિન પેટન્ટ પૂલ સાથે કરાર ........ 06
- 'આઓ ગાંવ ચલે' અભિયાન ગાંધીનગરના સરઢવથી રી-લોન્ચ ........ 08
- QUESTION ANSWERS ........ 09

**27 JUNE-2023**

- દિવસ મહિમા : 27 જૂન, MSME DAY ........ 10
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની પ્રથમ રાજ્ય મુલાકાત ........ 12
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ઈજિપ્તના સર્વોચ્ચ સન્માન 'Order of the Nile'થી નવાજવામાં આવ્યા ........ 18
- QUESTION ANSWERS ........ 22

**28 JUNE-2023**

- રશિયામાં વેગનર બળવો (Wagner rebellion in Russia) ........ 24
- World Competitiveness Index 2023 ........ 24
- ઉત્તરપ્રદેશના 7 ઉત્પાદનોને GI ટેગ ........ 25
- નવી વૈશ્વિક નાણાકીય સંધિ માટે સમિટ (Summit on New Global Financial Pact) ........ 28
- QUESTION ANSWERS ........ 29

**29 JUNE-2023**

- દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day) ........ 30
- QS World University Ranking - 2024 ........ 30
- QUESTION ANSWERS ........ 35

**30 JUNE-2023**

- દિવસ મહિમા : 30 જૂન, વિશ્વ સોશિયલ મીડિયા દિવસ, આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ, આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ ........ 36
- મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના શરૂ કરવામાં આવી ........ 37
- QUESTION ANSWERS ........ 40

**01 JULLY-2023**

- દિવસ મહિમા : 01 જુલાઈ, રાષ્ટ્રીય ડોક્ટર દિવસ, GST દિવસ ........ 41
- ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમવાર મહિલા કુલપતિ તરીકે ડો. નિરજા ગુપ્તાની નિમણૂક ........ 42
- ભારત આઠમી વખત એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપમાં વિજેતા ........ 43
- QUESTION ANSWERS ........ 44

**ONE LINER** ........ 45

**QUESTION OF THIS WEEK** ........ 50


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 જૂન, (1) વિશ્વ પાંડુરોગ દિવસ (World Vitiligo Day)
## (2) આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ (International Day of the Seafarer)

## Global Liveability Index 2023

તાજેતરમાં ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે 'ગ્લોબલ લાઈવએબિલિટી ઈન્ડેક્સ 2023' (Global Liveability Index 2023) પર તેનો અહેવાલ બહાર પાડયો છે.



- આ અહેવાલ મુજબ ઓસ્ટ્રિયાની રાજધાની વિયેના વર્ષ 2023માં રહેવા માટે શ્રેષ્ઠ શહેરોની યાદીમાં ટોચ પર છે.
- આ અહેવાલ 173 શહેરોની રહેવાની સ્થિતિનું મૂલ્યાંકન પાંચ શ્રેણીઓમાં કરે છે.
- જેમ કે ટકાઉપણું, આરોગ્ય સંભાળ, સંસ્કૃતિ અને પર્યાવરણ તથા શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.
- ઘણા વિકાસશીલ દેશોએ તેમની જીવનક્ષમતા રેન્કિંગમાં વધારાના સુધારાઓ હાંસલ કર્યા છે.
- એશિયા–પેસિફિક શહેરોએ નોંધપાત્ર પ્રગતિ કરી છે, જ્યારે પશ્ચિમ યુરોપિયન શહેરો 2023 રેન્કિંગમાં નીચે આવી ગયા છે.
- આ અહેવાલ એશિયન, આફ્રિકન અને મધ્ય–પૂર્વીય દેશોમાં આરોગ્ય સંભાળ અને શિક્ષણના વધતા મહત્ત્વને પ્રકાશિત કરે છે, જે હકારાત્મક વલણ સૂચવે છે.
- ભારતીય શહેરોમાં જોઈએ તો નવી દિલ્હી અને મુંબઈ 141માં સ્થાને તથા ચેન્નાઈ 144માં સ્થાને છે.
- ત્યારબાદ અમદાવાદ અને બેંગ્લોર અનુક્રમે 147માં અને 148માં સ્થાને છે.
- યુદ્ધગ્રસ્ત યુક્રેનની રાજધાની કિવ 173 શહેરોમાંથી 165માં ક્રમે છે.
- જ્યારે અલ્જિયર્સ (અલ્જેરિયા), ત્રિપોલી (લિબિયા) અને દમાસ્કસ (સીરિયા) છે.

### વિશ્વના ટોચના 10 સૌથી વધુ રહેવા માટે શ્રેષ્ઠ શહેરો

| Rank | City | Country |
|---|---|---|
| 1 | વિયેના | ઓસ્ટ્રિયા |
| 2 | કોપનહેગન | ડેનમાર્ક |
| 3 | મેલબોર્ન | ઓસ્ટ્રેલિયા |
| 4 | સિડની | ઓસ્ટ્રેલિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Rank | City | Country |
|---|---|---|
| 5 | વાનકુવર | કેનેડા |
| 6 | ઝ્યુરિચ | સ્વિત્ઝર્લેન્ડ |
| 7 | કેલગરી | કેનેડા |
| | જીનીવા | સ્વિત્ઝર્લેન્ડ |
| 9 | ટોરોન્ટો | કેનેડા |
| 10 | ઓસાકા | જાપાન |
| | ઓકલેન્ડ | ન્યૂઝીલેન્ડ |

નોંધ: (1) ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ એ ઈકોનોમિસ્ટ ગ્રૂપનું સંશોધન અને વિશ્લેષણ વિભાગ છે, જે સંશોધન અને વિશ્લેષણ દ્વારા આગાહી અને સલાહકારી સેવાઓ પ્રદાન કરે છે.

(2) તેની સ્થાપના વર્ષ 1946માં કરવામાં આવી હતી અને તેમનું મુખ્ય મથક ઈંગ્લેન્ડના લંડન ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે




તાજેતરમાં કોલકાતામાં BIMSTEC દેશોની બે દિવસીય કોન્ફરન્સ યોજાઈ હતી.

- આ કોન્ફરન્સમાં ભાગ લેનાર મ્યાનમાર અને થાઈલેન્ડના મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપી હતી કે ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ રોડ પ્રોજેક્ટનું કામ આગામી ત્રણથી ચાર વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.
- ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે (IMT હાઈવે), જેને એશિયન ત્રિપક્ષીય હાઈવે તરીકે પણ ઓળખવામાં આવે છે.

### ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે

ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે ભારતની લુક ઈસ્ટ નીતિ હેઠળ નિર્માણધીન હાઈવે છે, જે ભારતના મોરેહ (મણિપુર) અને થાઈલેન્ડના મે સોટ સાથે મ્યાનમાર દ્વારા જોડશે.

- ભારત, મ્યાનમાર અને થાઈલેન્ડને જોડતો ત્રિપક્ષીય હાઈવેનો વિચાર સૌપ્રથમ એપ્રિલ 2002માં યાંગોન (મ્યાનમાર) ખાતે ત્રિપક્ષીય મંત્રી સ્તરીય પરિષદમાં રજૂ કરવામાં આવ્યો હતો.
- આ હાઈવેની કુલ લંબાઈ 1,360 કિ.મી. નિર્ધારિત કરવામાં આવી છે.
- આ માર્ગ ASEAN – ભારત મુક્ત વેપાર ક્ષેત્ર તેમજ બાકીના દક્ષિણ પૂર્વ એશિયામાં વેપાર અને વાણિજ્યને વેગ આપશે તેવી અપેક્ષા છે.

- ભારતે હાઈવેને <u>કંબોડિયા</u>, <u>લાઓસ</u> અને <u>વિયેતનામ</u> સુધી લંબાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો છે. ભારતથી વિયેતનામ સુધીનો પ્રસ્તાવિત આશરે 3,200 કિ.મી. માર્ગ <u>પૂર્વ–પશ્ચિમ આર્થિક કોરિડોર</u> તરીકે ઓળખાય છે.
- આ હાઈવે કાલય અને ચિંદવિન નદી પર મોનીવા ખાતે માર્ગમાં વિકસાવવામાં આવી રહેલા નદી બંદરોને પણ જોડશે.
- ભારત અને આસિયાન આ માર્ગને લાઓસ, કંબોડિયા અને વિયેતનામ સુધી લંબાવવાની યોજના ધરાવે છે. કારણ કે આ કનેક્ટિવિટી વાર્ષિક ધોરણે જનરેટ કરશે, <u>2025</u> સુધીમાં GDPમાં અંદાજે <u>70 બિલિયન યુ.એસ ડોલર</u> અને વધારાની કુલ રોજગારમાં <u>20 મિલિયન</u>નો અંદાજ છે.
- નોંધનીય છે કે <u>ડિસેમ્બર, 2020</u>માં <u>બાંગ્લાદેશે</u> <u>ઢાકા</u>થી કનેક્ટિવિટી વધારવા માટે હાઈવે પ્રોજેક્ટમાં જોડાવા સત્તાવાર રસ દર્શાવ્યો હતો. હાલના BBIN મોટર વાહન કરાર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે નૂર પરિવહન માટે ઘટાડેલા સરહદ નિયંત્રણો અને કસ્ટમ નિરીક્ષણની સુવિધા આપે છે.
- આ હાઈવે ભારત માટે દેશનો બીજો મુખ્ય આંતરરાષ્ટ્રીય માર્ગ પ્રોજેક્ટ છે, જે પ્રથમ <u>બાંગ્લાદેશ–ભૂટાન–ઈન્ડિયા–નેપાળ (BBIN)</u> પ્રોજેક્ટ છે.
- આ પ્રોજેક્ટ આ ક્ષેત્રમાં પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના વ્યૂહાત્મક પ્રભાવ સામે પ્રતિપક્ષ તરીકે ભારતીય સ્થિતિને વધુ ઘટ્ટ કરવામાં પણ મદદ કરે છે.
- <u>નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)</u>ને આ પ્રોજેક્ટ માટે ટેકનિકલ એક્ઝિક્યુટિંગ એજન્સી અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.
- ભારત અને મ્યાનમાર વચ્ચે IMT ત્રિપક્ષીય હાઈવે વિભાગના બાંધકામને પૂર્ણ કરવા માટે અંદાજિત બજેટ રૂ. 117 કરોડ છે.



1. 'વિશ્વ પાંડુરોગ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

2. 'આંતરરાષ્ટ્રીય નાવીક દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જૂન (B) 24 જૂન (C) 25 જૂન (D) 26 જૂન **(C)**

3. તાજેતરમાં ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે 'ગ્લોબલ લાઈવએબિલિટી ઈન્ડેક્સ 2023' અહેવાલ બહાર પાડયો હતો. આ અહેવાલ મુજબ કયું શહેર વર્ષ 2023માં રહેવા માટે શ્રેષ્ઠ શહેરોની યાદીમાં ટોચ પર છે ?

(A) સિડની, ઓસ્ટ્રેલિયા (B) વિયેના, ઓસ્ટ્રિયા

(C) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (D) ન્યુયોર્ક, અમેરિકા **(B)**

4. તાજેતરમાં ધ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટે 'ગ્લોબલ લાઈવએબિલિટી ઈન્ડેક્સ 2023' અહેવાલ બહાર પાડયો હતો. આ અહેવાલ મુજબ વર્ષ 2023માં રહેવા માટે શ્રેષ્ઠ શહેરોની યાદીમાં નવી દિલ્હી અને મુંબઈ કેટલામાં સ્થાને છે ?

(A) 131 (B) 137 (C) 141 (D) 161 **(C)**

3. ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે તાજેતરમાં ચર્ચામાં હતો. આ હાઈવે સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ભારત–મ્યાનમાર–થાઈલેન્ડ ત્રિપક્ષીય હાઈવે ભારતની લુક ઈસ્ટ નીતિ હેઠળ નિર્માણધિન હાઈવે છે.
2. જે ભારતના મોરેહ (મણિપુર) અને થાઈલેન્ડના મે સોટ સાથે મ્યાનમાર દ્વારા જોડશે.
3. આ હાઈવેનો સૌપ્રથમ વિચાર એપ્રિલ 2002માં યાંગોન (મ્યાનમાર) ખાતે ત્રિપક્ષીય મંત્રી સ્તરીય પરિષદમાં રજૂ કરવામાં આવ્યો હતો.
4. આ હાઈવેની કુલ લંબાઈ 890 કિ.મી. છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 26 જૂન, (1) વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન (International Day Against Drug Abuse and Illicit Trafficking)**

**(2) ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ (International Day in Support of Victims of Torture)**

**(3) વિશ્વ રેફ્રિજરેશન દિવસ (World Refrigeration Day)**

## વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 26 જૂનના રોજ 'ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર હેરફેર સામે આંતરરાષ્ટ્રીય દિવસ' અથવા 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિન' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1989થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- 26 જૂન એ ગુઆંગડોંગમાં શ્રી લિન ઝેક્સુ દ્વારા અફિણના વેપારની અંતની યાદમાં પસંદ કરવામાં આવેલી તારીખ છે.
- યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ડ્રગ રિપોર્ટ અનુસાર વિશ્વમાં ગેરકાયદેસર દવાઓનું મુલ્ય પ્રતિ વર્ષ 322 બિલિયન અમેરિકન ડોલર છે.
- વર્લ્ડ ડ્રગ્સ રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે 2018માં લગભગ 269 મિલિયન લોકોએ ડ્રગ્સનો ઉપયોગ કર્યો હતો. જે વર્ષ 2009ની તુલનામાં 30% વધુ છે.
- વર્ષ 2023ના વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસની થીમ 'People First : Stop Stigma and Discrination, Strengthen Prevantion' છે.

## લ્યુકેમિયાની સારવાર માટે મેડિસિન પેટન્ટ પૂલ સાથે કરાર

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ–સમર્થિત જૂથ મેડિસિન પેટન્ટ પૂલ (MPP)એ અમુક કેન્સરની દવાઓ દર્દીઓ માટે વધુ સુલભ અને સસ્તું બનાવવા માટે ભારત સ્થિત ત્રણ કંપનીઓ સાથે પેટા–લાયસન્સ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- આ કરારો નોવાર્ટિસની કેન્સર સારવાર દવા નિલોટિનબના સામાન્ય સંસ્કરણોના ઉત્પાદનને મંજૂરી આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેનો ઉપયોગ કેટલાક દેશોમાં મુખ્યત્વે ક્રોનિક માયલોઈડ લ્યુકેમિયા (CML) માટે થાય છે.
- પસંદ કરેલા ઉત્પાદકો ભારતમાં અને સાત મધ્યમ આવક ધરાવતા દેશોમાં નિલોટિનિબના સામાન્ય સંસ્કરણોનું ઉત્પાદન કરી શકે છે અને સ્થાનિક નિયમનકારી સત્તાવાળાઓને આધીન બિન–વિશિષ્ટ લાયસન્સ કરાર દ્વારા લાયસન્સમાં સમાવિષ્ટ 44 પ્રદેશોમાં તેને સપ્લાય કરી શકે છે.

## મેડિસિન પેટન્ટ પૂલ

મેડિસિન પેટન્ટ પૂલ (MPP) એ યુનાઈટેડ નેશન્સ સમર્થિત જાહેર આરોગ્ય સંસ્થા છે જે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો માટે જીવનરક્ષક દવાઓના વિકાસ અને વિકાસની સુવિધા વધારવા માટે કામ કરે છે.

- તેની સ્થાપના જુલાઈ, 2010માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં કરવામાં આવી હતી.
- નાગરિક સમાજ, સરકારો, આંતરરાષ્ટ્રીય સંગઠનો, ઉદ્યોગ, દર્દી જૂથો અને અન્ય હિસ્સેદારો સાથે મેડિસિન પેટન્ટ પુલ (MPP) ભાગીદારી કરે છે.
- જે જરૂરી દવાઓને પ્રાથમિકતા અને લાયસન્સ આપે છે અને જેનરિક ઉત્પાદન અને નવા ફોર્મ્યુલેશનના વિકાસને પ્રોત્સાહિત કરવા બૌદ્ધિક અધિકારો સુરક્ષિત કરી શકે છે.
- અત્યાર સુધીમાં MPPએ તેર હ્યુમન ઈમ્યુનોડેફિસિયન્સી વાયરસ (HIV) એન્ટિ–રેટ્રોવાયરલ, એક HIV ટેક્નોલોજી પ્લેટફોર્મ, ત્રણ હેપટાઈટિસ સી ડાયરેક્ટ–એક્ટિંગ એન્ટિવાયરલ, એક ટ્યૂબરક્યુલોસિસ ટ્રીટમેન્ટ, એક લાંબી અભિનય તકનીક અને કોવિડ-19 માટે બે પ્રાયોગિક મૌખિક એન્ટિવાયરલ વિકસાવ્યા છે.

## ક્રોનિક માયલોઈડ લ્યુકેમિયા (CML)

CML એ લ્યુકેમિયાના પ્રકારોમાંથી એક છે જે બ્લડ સેલ કેન્સર છે, જે અસ્થિ મજ્જા અને રક્તને અસર કરે છે.

- તેના અન્ય પ્રકારો આ મુજબ છે :
  (a) એક્યુટ લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયા (ALL)
  (b) તીવ્ર માયલોઈડ લ્યુકેમિયા (AML)
  (c) ક્રોનિક લિમ્ફોબ્લાસ્ટિક લ્યુકેમિયા (CLL)
- તે અસામાન્ય સફેદ રક્ત કોશિકાઓની અનિયંત્રિત વૃદ્ધિ થયેલ છે જેને માયલોઈડ કોશિકાઓ કહેવાય છે.
- CML સામાન્ય રીતે ધીમે ધીમે આગળ વધે છે અને ક્રોનિક તબક્કા દરમિયાન તેનું નિદાન થાય છે.
- CMLનું નિદાન સામાન્ય રીતે રક્ત અને અસ્થિ મજ્જા પરીક્ષણો દ્વારા થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'આઓ ગાંવ ચલે' અભિયાન ગાંધીનગરના સરઢવથી રી-લોન્ચ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા રાજ્યના 90 થી વધુ ગામોના નાગરિકોની આરોગ્ય સુખાકારી માટેના 'આઓ ગાંવ ચલે' પ્રોજેક્ટનું ગાંધીનગર જિલ્લાના સરઢવથી રી–લોન્ચ કરાવ્યું હતું.

- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે ગરીબ, વંચિત, પીડિત, નાનામાં નાના અને ગ્રામીણ લોકો સુધી અદ્યતન આરોગ્ય સેવાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના 9 વર્ષમાં વ્યાપકપણે વિસ્તરી છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં મેડિકલ એજ્યુકેશનનો પણ વ્યાપ વધ્યો છે.
- અને મેડિકલ કોલેજીસ શરૂ થતાં હવે દર વર્ષે રાજ્યમાં અંદાજે સાત હજાર જેટલા ડોક્ટર ઉપલબ્ધ થાય છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ગ્રામીણ નાગરિકોની આરોગ્ય સુખાકારીની ચિંતા કરીને 'આઓ ગાંવ ચલે' પ્રોજેક્ટ દ્વારા સરકાર સાથે સહયોગ કર્યો છે.
- નોંધનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ સરઢવ અને રાંધેજાને આરોગ્ય સહિતની સેવાના કામો માટે પાંચ–પાંચ કરોડ રૂપિયા ફાળવેલા છે.

**નોંધ :** ઈન્ડિયન મેડિકલ એસોસિએશનનો ડ્રીમ પ્રોજેક્ટ 'આઓ ગાંવ ચલે' 8 ઓગસ્ટ, 2004ના રોજ ગુજરાતના મહેસાણા જિલ્લાના લખવડ ગામ ખાતે ઔપચારિક શરૂ કરવામાં આવ્યો હતો.



1. 'વિશ્વ માદક પદાર્થ વિરોધી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(B)**

2. 'ટોર્ચરનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 જૂન (B) 27 જૂન (C) 28 જૂન (D) 29 જૂન **(A)**

3. તાજેતરમાં 'મેડિસિન પેટન્ટ પૂલ' (MPP) ચર્ચામાં હતું. તેના સંદર્ભમાં નીચેના વિધાનો ધ્યાને લો :

1. તે સંયુક્ત રાષ્ટ્ર સમર્થિત જાહેર આરોગ્ય સંસ્થા છે.
2. તે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો માટે જીવનરક્ષક દવાઓના વિકાસ અને વિકાસની સુવિધા વધારવા માટે કામ કરે છે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બન્ને સાચા (D) 1 અને 2 બન્ને ખોટા **(C)**

4. 'ક્રોનિક માયલોઈડ લ્યુકેમિયા' (CML) સંદર્ભે નીચેના વિધાનો ધ્યાને લો :

1. CML એ લ્યુકેમિયાના પ્રકારોમાંથી એક છે જે બ્લડ સેલ કેન્સર છે.
2. તે અસ્થિ મજ્જા અને રક્તને અસર કરે છે.

ઉપરોક્તમાંથી કયું વિધાન સાચું છે ?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બન્ને સાચા (D) 1 અને 2 બન્ને ખોટા **(C)**

5. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'આઓ ગાંવ ચલે' અભિયાન પ્રોજેક્ટને કયા સ્થળેથી રી–લોન્ચ કર્યો હતો ?

(A) સરઢવ, ગાંધીનગર (B) મડાણા, બનાસકાંઠા

(C) આટકોટ, રાજકોટ (D) સાયલા, સુરેન્દ્રનગર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 27 જૂન, MSME DAY




સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 27 જૂનના રોજ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 6 એપ્રિલ, 2017ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાના 74મા અધિવેશનમાં 27 જૂનને 'MSME દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત સૌપ્રથમ 27 જૂન, 2017ના રોજ પ્રથમ 'MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

### MSMEનું પૂરું નામ શું છે ?

MSMEનું પૂરું નામ 'Micro, Small and Medium-Sized Enterprises' છે.

- તેને ગુજરાતીમાં 'સૂક્ષ્મ–લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો' તરીકે ઓળખવામાં આવે છે.

### ઉદ્દેશ

સતત વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં 'સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો'ના મહત્ત્વને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા MSME દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

### વર્ષ 2023ની થીમ

યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2023ની MSME દિવસની થીમ 'Building a Stronger Future Together' છે.

- જ્યારે ભારતમાં MSME દિવસની થીમ 'Future-ready MSMEs for India@100.' છે.

### MSME Classification

| વર્ગીકરણ (Classification) | સુક્ષ્મ (Micro) | લઘુ (Small) | મધ્યમ (Medium) |
|---|---|---|---|
| ઉત્પાદન અને સેવાઓ (Manufacturing & Services) | રોકાણ : રૂ. 1 કરોડ<br>ટર્નઓવર : રૂ. 5 કરોડ | રોકાણ : રૂ. 10 કરોડ<br>ટર્નઓવર : રૂ. 50 કરોડ | રોકાણ : રૂ. 50 કરોડ<br>ટર્નઓવર : રૂ. 250 કરોડ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય અર્થતંત્રમાં MSMEની ભૂમિકા

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ભારતીય અર્થતંત્રમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

- તે ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રની કરોડરજ્જુ ગણાય છે અને રોજગારી સર્જન, ઔદ્યોગિક ઉત્પાદન, નિકાસ અને એકંદર આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપે છે.
- MSME દેશના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં લગભગ 30% યોગદાન આપીને ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસને આગળ ધપાવે છે.
- નિકાસના સંદર્ભમાં તેઓ સપ્લાય ચેઈનનો અભિન્ન ભાગ છે અને કુલ નિકાસમાં લગભગ 48% યોગદાન આપે છે.
- MSME રોજગાર નિર્માણમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે તેઓ દેશભરમાં લગભગ 110 મિલિયન લોકોને રોજગાર પ્રદાન કરે છે.
- અહીં ભારતીય અર્થતંત્રમાં MSMEની કેટલીક ભૂમિકાઓ અને યોગદાન આપેલ છે :

1. **રોજગાર સર્જન :** MSME ભારતમાં સૌથી મોટું રોજગાર દાતા છે, ખાસ કરીને ગ્રામીણ અને અર્ધ–શહેરી વિસ્તારોમાં નોંધપાત્ર રોજગારીની તકો પૂરી પાડે છે.
2. **આર્થિક વૃદ્ધિ :** MSME આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીને દેશના GDPમાં ફાળો આપે છે. તેઓ ઉદ્યોગસાહસિક્તા અને નવીનતા, ઉત્પાદકતા અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. MSMEનો વિકાસ ઉચ્ચ આવક, વપરાશમાં વધારો અને એકંદરે આર્થિક વિકાસ તરફ દોરી જાય છે.
3. **નિકાસ પ્રોત્સાહન :** MSME ભારતમાંથી નિકાસને પ્રોત્સાહન આપવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ઘણા MSME નિકાસલક્ષી પ્રવૃત્તિમાં રોકાયેલા છે. તેઓ વિદેશી હૂંડિયામણની કમાણીમાં ફાળો આપે છે. વેપાર ખાદ્ય ઘટાડે છે અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે ભારતની હાજરીમાં વધારો કરે છે.
4. **ઔદ્યોગિક ઉત્પાદન :** MSME ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં નોંધપાત્ર યોગદાન આપે છે. તેઓ વિવિધ ક્ષેત્રો જેમ કે, કાપડ, ચામડુ, ફૂડ પ્રોસેસિંગ, હસ્તકલા, એન્જિનિયરિંગ સામાન અને વધુ સાથે સંકળાયેલા છે. ઉત્પાદનો અને સેવાઓની તેમની વિવિધ શ્રેણી અર્થતંત્રમાં મૂલ્ય ઉમેરે છે અને સ્પર્ધાત્મકતા વધારે છે.
5. **પ્રાદેશિક વિકાસ :** MSME પછાત વિસ્તારો, ગ્રામીણ વિસ્તારો અને નાના શહેરોના વિકાસમાં મહત્વપૂર્ણભૂમિકા ભજવે છે. તેઓ આર્થિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ કરે છે અને સ્થાનિક ઉદ્યોગસાહસિક્તા અને રોજગાર માટે તકો પૂરી પાડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની પ્રથમ રાજ્ય મુલાકાત



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ 21 થી 23 જૂન દરમિયાન અમેરિકાની સત્તાવાર રાજ્ય મુલાકાત લીધી હતી.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વ્હાઈટ હાઉસના સાઉથ લોન ખાતે અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બિડેન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- આ મુલાકાતે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે 'નેકસ્ટ જનરેશન પાર્ટનરશિપ' પર ભાર મૂકયો હતો.

### રાજ્ય મુલાકાત શું છે ?

રાજ્યની મુલાકાત એ અમેરિકાની વિદેશી મુલાકાતોની ઉચ્ચ ક્રમાંકિત શ્રેણી છે, જ્યાં દેશના વડા અમેરિકન રાષ્ટ્રપતિના ઔપચારિક આમંત્રણ પર અમેરિકાની મુલાકાત લે છે.

- રાજ્યની મુલાકાત માટેનું આમંત્રણ એ સૂચવે છે કે અમેરિકા મહાન રાષ્ટ્રને એક મહત્વપૂર્ણ મિત્ર અને સાથી માને છે.

નોંધ: (1) આ પ્રસંગે અમેરિકાના રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસમાં સ્ટેટ ડિનરનું આયોજન કરવામાં આવે છે.

(2) આ ઉપરાંત વ્હાઈટ હાઉસના આગમન સમારોહમાં 21 તોપોની સલામી આપવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાનશ્રીની અમેરિકા મુલાકાતના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ

### યોગ દિવસની ઐતિહાસિક ઉજવણી



અમેરિકાના ત્રણ દિવસના સત્તાવાર પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 21 જૂનના રોજ ન્યૂયોર્કમાં યુનાઈટેડ નેશન્સ (UN)ના હેડક્વાર્ટર ખાતે 180 દેશોના પ્રતિનિધિઓ સાથે યોગ કરીને 9માં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરી હતી.

- સંયુક્ત રાષ્ટ્રમાં આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યુ હતું.
- જેમાં સંયુક્ત રાષ્ટ્રના સભ્યો, દેશોના પ્રતિનિધિઓ, હોલિવૂડ એક્ટર રિચર્ડ ગેર તથા ન્યૂયોર્ક શહેરના મેયર સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા.

- આ કાર્યક્રમમાં સૌથી વધારે દેશોના પ્રતિનિધિઓએ એક સાથે યોગ કરવાનો ગિનિઝ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો.
- આ ઉજવણી દરમિયાન યોગ સેશનમાં જુદા જુદા 135 દેશોનું નાગરિત્વ ધરાવતા એટલે કે સંખ્યાબંધ દેશોના લોકોએ એકસાથે યોગ કર્યાનો વર્લ્ડ રેકોર્ડ સર્જાયો છે.

## વ્હાઈટ હાઉસની મુલાકાત



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ન્યૂયોર્કમાં યોગ દિવસની ઉજવણી કર્યા બાદ વોશિંગ્ટન ડિસી પહોંચ્યા હતા.

- જ્યાં તેમનું 21 તોપોની સલામી સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.
- અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડન અને ફર્સ્ટ લેડીએ વ્હાઈટ હાઉસના સાઉથ લોન પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકાર્યા હતા.
- આ પ્રસંગે શ્રી એસ. જયશંકર અને શ્રી અજીત દોભાલ તેમની સાથે હતા.
- અહીં 'સ્ટેટ ડિનર'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત અને અમેરિકાના રાજકરણથી માંડીને ઉદ્યોગ જગત સહિતના વિભિન્ન ક્ષેત્રોના મહાનુભાવોની હાજરી જોવા મળી હતી.
- આ ઉપરાંત બંને નેતાઓએ વ્હાઈટ હાઉસમાં દ્વિપક્ષીય મંત્રાણા કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અમેરિકન કોંગ્રેસની સંયુક્ત બેઠકને સંબોધન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકન કોંગ્રેસ(સંસદ)ની સંયુક્ત બેઠકને સંબોધિત કરી હતી.

- કેવિન મેક્કાર્થી, યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકર, સેનેટ બહુમતી નેતા, સેનેટર રિપબ્લિકન નેતા અને હાઉસ ડેમોક્રેટિક લીડર પણ ઉપસ્થિત રહ્યા હતા.
- આ પ્રસંગે અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ પણ ઉપસ્થિત રહ્યા હતા.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત–અમેરિકા સંબંધોને ગાઢ બનાવવા માટે યુએસ કોંગ્રેસમાં લાંબા સમયથી અને મજબૂત દ્વિપક્ષીય સમર્થન માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી હતી.

- આ ઉપરાંત તેમણે દ્વિપક્ષીય સંબંધોમાં ઝડપી પ્રગતિ વિશે ચર્ચા કરી હતી અને દ્વિપક્ષીય સંબંધોને ઉન્નત બનાવવા માટે તેમના વિઝનને શેર કર્યુ હતું.
- તેમણે ભારત દ્વારા કરવામાં આવેલી પ્રચંડ પ્રગતિ અને વિશ્વ જે તકો રજૂ કરે છે તેની પણ રૂપરેખા આપી હતી.
- ભાષણ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 15 વખત સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું હતું.

## વિવિધ ક્ષેત્રોના આગેવાનો અને વિદ્વાનો સાથે મુલાકાત

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અમેરિકા પહોંચ્યા બાદ ન્યૂયોર્કમાં ભારતીય સમુદાય દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



- ત્યારબાદ તેઓ ન્યૂયોર્કમાં લેખક રોબર્ટ થર્મન સહિત ઘણી વ્યક્તિઓ અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને મળ્યા હતા.
- જેમાં નોબેલ પારિતોષિક વિજેતા, અર્થશાસ્ત્રી, કલાકાર, વિજ્ઞાની, વિદ્વાનો વગેરેનો સમાવેશ થાય છે.
- ગ્રેમી એવોર્ડ વિજેતા ભારતીય–અમેરિકન સિંગર ફાલુ શાહ પણ મળ્યા હતા.
- ન્યૂયોર્કમાં રોકાણકાર, લેખક અને હેજ ફંડ બ્રિજવોટર એસોસીએટ્સના સહ–સ્થાપક રે–ડેલિયોને પણ મળ્યા હતા. આ દરમિયાન બન્ને વચ્ચે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરાયેલા સુધારા પર ચર્ચા થઈ હતી.
- પ્રોફેસર પોલ રોમરે ન્યૂયોર્કમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત કરી હતી અને સફળ શહેરી વિકાસના મહત્ત્વ વિશે ચર્ચા કરી હતી.
- નિબંધકાર, આંકડાશાસ્ત્રી નસીમ નિકોલસ તાલેબ અને અમેરિકન ખગોળશાસ્ત્રી, લેખક અને સાયન્સ કોમ્યુનિકેટર નીલ દ ગ્રાસે ટાયસ પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યા હતા.
- ઈલેક્ટ્રિક કાર નિર્માતા કંપની ટેસ્લાના CEO શ્રી એલન મસ્કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત લીધી હતી.
- મુલાકાત દરમિયાન તેમણે પોતાની કારનું ભારતમાં નિર્માણ કરવા માટે ભારતમાં મૂડીરોકાણ કરવાની તેમની યોજનાનો પુનર્રોચાર કર્યો હતો. જોકે તેમણે કોઈ સમય મર્યાદા જણાવી ન હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભેટ



અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડેન અને ફર્સ્ટ લેડી જિલ બાઈડને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 20મી સદીની શરૂઆતની એક એન્ટિક હેન્ડમેડ અમેરિકન બુક ગેલેરી ભેટ આપી હતી.

- આ ઉપરાંત એક વિન્ટેજ અમેરિકન કેમેરા, જ્યોર્જ ઈ–સ્ટેમનની ફર્સ્ટ કોડાક કેમેરાની આર્કાઈવલ ફેસિમાઈલ પ્રિન્ટ અને અમેરિકન વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીની એક હાર્ડકવર બુક ભેટ આપી હતી.
- તથા જિલ બાઈડને 'કલેક્ટેડ પોયમ્સ ઓફ રોબર્ટ ફ્રોસ્ટ'ની પ્રથમ એડિશન ભેટ આપી હતી.
- જ્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બાઈડન દંપતીને આપેલી ભેટોમાં ભારતીય સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના ફર્સ્ટ લેડી જિલ બાઈડેનને એક હીરાની ભેટ આપી હતી.
- સુરતમાં નિર્મિત 7.5 કેરેટનો આ હીરો લેબોરેટરી ક્રિએટેડ ડાયમંડ (LGD)માં વિકસિત કરાયો છે.
- LDG પ્રયોગશાળાઓમાં ઉત્પાદિત સિન્થેટીક હીરા કુદરતી રીતે બનતા હીરા જેવા જ રાસાયણિક બંધારણ અને ભૌતિક ગુણધર્મો ધરાવે છે.
- આ હીરાને રાખવા માટે ખાસ બોક્સ તૈયાર કરાયું છે જેને કાર–એ–કલમદાની કહેવાય છે.
- લીલા રંગનો આ હીરો વિલાસિતાનું પ્રતીક છે જે ભારતની 75 વર્ષની સ્વતંત્રતા અને ટકાઉ આંતરરાષ્ટ્રીય સંબંધોનું પ્રતીક છે.
- આ ઉપરાંત ભારતીય દેશની સંસ્કૃતિથી માહિતીગાર કરાવવા અમેરિકન રાષ્ટ્રપતિને હાથથી તૈયાર કરાયેલી પેટી ભેટ આપવામાં આવી છે.
- આ પેટી અથવા બોક્સમાં ભગવાન શ્રી ગણેશની મૂર્તિ છે. આ મૂર્તિનું નિર્માણ કોલકાતાના પાંચમી પેઢીના ચાંદીના કારીગરોના એક પરિવારે તૈયાર કરી છે. તેમાં એક ચાંદીનો દીવો અને ચાંદીનો સિક્કો પણ છે.
- આ ઉપરાંત લવંદન (મીઠાનું દાન) માટે ગુજરાતનું લવણ એટલે કે મીઠું પણ ભેટમાં અપાયું છે.
- ગાયના દાન માટે ગાયની જગ્યાએ પશ્ચિમ બંગાળના કુશળ કારીગરો દ્વારા તૈયાર કરાયેલું હસ્તનિર્મિત ચાંદીનું નારિયેળ અપાયું છે. ભૂદાન માટે જમીનના મૈસુરના ચંદનનું સુગંધિત કાષ્ઠ આપવામાં આવ્યું છે. તલના દાન માટે તમિલનાડુથી લવાયેલા સફેદ તલના બી અપાયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે ઉપરાંત રાજસ્થાનના કારીગરો દ્વારા તૈયાર કરાયેલ 24 કેરેટ શુદ્ધ સોનાનો સિક્કો હિરણ્યદાન તરીકે રજૂ કરાયો છે.
- આ ઉપરાંત 1937માં ડબલ્યૂબી યિટ્સે પુરોહિત સ્વામી સાથે સહ–લેખક તરીકે પ્રસિદ્ધ કરેલો ભારતીય ઉપનિષદોનો અંગ્રેજી અનુવાદ પણ ભેટ આપ્યો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લંડનના ફેબર લિમિટેડ દ્વારા પ્રકાશિત અને યુનિવર્સિટી પ્રેસ ગ્લાસગોમાં પ્રકાશિત પુસ્તક ધ ટેન પ્રિન્સિપલ ઉપનિષદની પ્રથમ આવૃત્તિની એક નકલ પણ રાષ્ટ્રપતિ બાઈડનને ભેટ આપી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક અન્ય ભેટ પણ આપી છે જેમાં ચાર અલગ અલગ બોક્સ છે. પહેલાં બોક્સમાં પંજાબનું ઘી છે, બીજામાં ઝારખંડથી લવાયેલા હાથ વણાટનું રેશમ કાપડ છે. ત્રીજા બોક્સમાં ઉત્તરાખંડના લાંબો દાણો ધરાવતા ચોખા છે, જ્યારે ચોથા બોક્સમાં મહારાષ્ટ્રથી મંગાવેલો ગોળ છે.

નોંધ: (1) પર્યાવરણ–અનુકૂળ પ્રયોગશાળા નિર્મિત હીરા (ઈકો ફ્રેન્ડલી ક્રિએટેક ડાયમંડ) (LGD) ભારતના સુરતમાં ઉત્પાદિત આ હીરા દેશના હીરા ઉદ્યોગની શ્રેષ્ઠતા દર્શાવે છે.

(2) LGD પ્રયોગશાળાઓમાં ઉત્પાદિત સિન્થેટીક હીરા કુદરતી રીતે બનતા હીરા જેવા જ રાસાયણિક બંધારણ અને ભૌતિક ગુણધર્મ ધરાવે છે.

(3) તેઓ સીડ ડાયમંડ (Seed Diamond)નો ઉપયોગ કરીને ઉચ્ચ દબાણ, ઉચ્ચ તાપમાન (HPHT) અથવા રાસાયણિક વરાળ ડિપોઝિશન (CVD) પદ્ધતિઓ દ્વારા ઉત્પાદિત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દ્વિપક્ષીય કરારો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની પ્રથમ સ્ટેટ વિઝિટ દરમિયાન બંને દેશ વચ્ચે સંરક્ષણ, સ્પેસ અને વેપાર સહિત ઘણા મહત્ત્વના ક્ષેત્રોમાં સહયોગને વધારો આપવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ અને કામગીરી થઈ છે.

- જનરલ ઈલેક્ટ્રિક (GE) અને હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડ (HAL)એ સ્વદેશી તેજસ MK2 લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ માટે F414 જેટ એન્જિનના સહ–ઉત્પાદન માટે એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા.
- ભારતની સશસ્ત્ર ડ્રોનની ખરીદી અને 'Indus-x' પ્લેટફોર્મ દ્વારા સંરક્ષણ ઔદ્યોગિક નવીનતામાં સહયોગની જાહેરાત કરવામાં આવી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં સેમિકન્ડક્ટરના નિર્માણને વધારો કરવા માટે અમેરિકન ચિપ–નિર્માતા માઈક્રોન ટેકનોલોજીને આમંત્રિત કરી છે. કારણ કે ભારત આ પ્રોડક્ટની સપ્લાય ચેઈનના ઘણા ભાગોમાં ફાયદો અપાવે છે.

- ભારત દ્વારા જનરલ એટોમિક્સના MQ-9 રિપર આર્મ્ડ ડ્રોનની ખરીદી માટે મેગા ડીલની જાહેરાત કરવામાં આવી હતી.
- ભારત અને અમેરિકા 2024માં એક ભારતીય અવકાશયાત્રીને આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન પર મોકલવા માટે સહયોગ કરી રહ્યા છે.
- ભારતે તે માટે આર્ટેમિસ સમજૂતીમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. જે સમાન વિચારધારા ધરાવતા દેશોને નાગરિક અંતરિક્ષ સંશોધન સાથે જોડે છે. તથા નાસા અને ISRO 2024માં એક સંયુક્ત મિશન હાથ ધરવા પણ સહમત થયા હતા.
- નોંધનીય છે કે આર્ટેમિસ સમજૂતી 2025 સુધીમાં માનવીને ચંદ્ર પર લઈ જવાના અમેરિકાના નેતૃત્વ હેઠળનું મિશન છે.
- ક્વોન્ટમ ટેક્નોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને અદ્યતન વાયરસ ટેક્નોલોજી પર સંયુક્ત સંશોધનને સરળ બનાવવા માટે ભારત–યુએસ સંયુક્ત ક્વોન્ટમ કોઓર્ડિનેશન મિકેનિઝમની સ્થાપના કરવામાં આવી છે.

## વિઝા રિન્યુઅલ પ્રોગ્રામ

ચોક્કસ પિટિશન–આધારિત અસ્થાયી કામદારો માટે ઘરેલું વિઝા નવીનીકરણ માટે એક પાયલોટ પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી હતી.

- પ્રોગ્રામનો ઉદ્દેશ્ય વિઝા પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનો હતો અને H1b તથા L વિઝા જેવા કુશળ વિઝાને આવરી લેવા માટે સંભવિતપણે વિસ્તરી શકે છે.
- એટલે કે અમેરિકા હવે એવા H1b વિઝા રજૂ કરવા તૈયાર છે જેને દેશમાં રહીને જ રિન્યૂ કરી શકાશે.
- આ એક મહત્વપૂર્ણ નિર્ણય છે, જે અમેરિકામાં રહેનારા ભારતીય વ્યવસાયિકોને પોતાના વર્ક વિઝાને રિન્યૂ કરાવવા માટે વિદેશ પ્રવાસે જવાની સમસ્યા વિના જ પોતાની નોકરીને ચાલુ રાખવામાં મદદ કરશે.
- આ વિઝા અપ્રવાસી વિઝા છે જે અમેરિકન કંપનીઓને વિદેશી શ્રમીકોને એવા વિશેષ વ્યવસાયોમાં કામની મંજૂરી આપે છે, જેના માટે સૈદ્ધાંતિક અથવા ટેક્નિકલ કુશળતાની જરૂર હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## INDUS-X અને સંરક્ષણ પ્રવેગક ઈકોસિસ્ટમ

ભારત–યુએસ ડિફેન્સ એક્સિલરેશન ઈકોસિસ્ટમ (INDUS-X) સંરક્ષણ તકનીકો પર સંયુક્ત નવીનતાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી છે. તે ભારતના ખાનગી ક્ષેત્રના સંરક્ષણ ઉદ્યોગને યુએસ સંરક્ષણ ક્ષેત્ર સાથે સંકલિત કરશે.

## અમેરિકા અમદાવાદ અને બેંગ્લુરુમાં કોન્સ્યુલેટ શરૂ કરશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકાએ ભારતમાં બે નવા કોન્સ્યુલેટ ખોલવાની જાહેરાત કરી હતી.

- વ્હાઈટહાઉસના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા અમદાવાદ અને બેંગ્લુરુમાં કોન્સ્યુલેટ શરૂ કરશે જેથી બંને દેશોના લોકો વચ્ચેનો સપંર્ક વધી શકે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે અમેરિકાએ ગયા વર્ષે ભારતીય વિદ્યાર્થીઓને રેકોર્ડ **1,25,000** વિઝા જારી કર્યા હતા.
- અમેરિકી દૂતાવાસ મુંબઈ, કોલકાતા, ચેન્નઈ અને હૈદરાબાદમાં આવેલા ચાર વાણિજ્ય દૂતાવાસની કામગીરીઓનું સમન્વય કરે છે અને સાથે એ સુનિશ્ચિત કરે છે કે સમગ્ર દેશમાં અમેરિકા–ભારતના સંબંધો મજબૂત થાય.
- હવે તેમાં બે વાણિજ્ય દૂતાવાસનો ઉમેરો થતા ભારતમાં અમેરિકાના કોન્સ્યુલેટની સંખ્યા છ થઈ જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ઈજિપ્તના સર્વોચ્ચ સન્માન 'Order of the Nile'થી નવાજવામાં આવ્યા



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત અને ઈજિપ્ત વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરવા માટે ઈજિપ્તની મુલાકાત લીધી હતી.

- આ પ્રસંગે ઈજિપ્તની સરકારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઈજિપ્તના સર્વોચ્ચ રાજકીય સન્માન 'ઓર્ડર ઓફ ધ નાઈલ'થી સન્માન કરવામાં આવ્યું હતું.
- ઈજિપ્તના રાષ્ટ્રપતિ શ્રી અબ્દેલ ફતહ અલ સીસીએ આ એવોર્ડ એનાયત કર્યો હતો.
- ઓર્ડર ઓફ ધ નાઈલની સ્થાપના વર્ષ 1915માં ઈજિપ્તના સુલતાન હુસૈન કામલ દ્વારા કરવામાં આવી હતી.
- ત્યારબાદ 1953માં રાજાશાહી નાબૂદ થયા પછી 'ઓર્ડર ઓફ ધ નાઈલ' ઈજિપ્તનું સર્વોચ્ચ સન્માન બન્યું હતું.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને એનાયત થયેલા અન્ય આંતરરાષ્ટ્રીય એવોર્ડ

| ક્રમ | એવોર્ડનું નામ | વર્ષ | કોના દ્વારા |
|---|---|---|---|
| 1 | Order of the Nile | 2023 | ઈજિપ્ત |
| 2 | Companion of the order of FIJI | 2023 | ફિજી |
| 3 | Companion of the order of Logohu | 2023 | પાપૂઆ ન્યૂ ગિની |
| 4 | ઓર્ડર ઓફ ધ ડ્રુક ગ્યાલપો (અથવા નગદગ પેલ જી ખોર્લો) | 2021 | ભૂટાન |
| 5 | લિજન ઓફ મેરિટ | 2020 | અમેરિકા |
| 6 | ગ્લોબલ ગોલકીપર એવોર્ડ | 2019 | બીલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન |
| 7 | ધ કિંગ હમાદ ઓર્ડર ઓફ ધ રેનેન્સા | 2019 | બહેરિન |
| 8 | ઓર્ડર ઓફ ઝાયેદ | 2019 | UAE |
| 9 | ફિલિપ કોટલર પુરસ્કાર | 2019 | વર્લ્ડ માર્કેટિંગ સમિટ |
| 10 | ઓર્ડર ઓફ સેન્ટર એન્ડ્રયુ ધ એપોસ્ટલ | 2019 | રશિયા |
| 11 | ઓર્ડર ઓફ ધ ડિસ્ટિંગ્યુશ્ડ રૂલ ઓફ ઈઝઝુદીન | 2019 | માલદિવ |
| 12 | સીયોલ શાંતિ પુરસ્કાર | 2018 | દક્ષિણ કોરિયા |
| 13 | ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ પુરસ્કાર | 2018 | યુનાઈટેડ નેશન્સ |
| 14 | ગ્રાન્ડ કોલર પુરસ્કાર | 2018 | પેલેસ્ટાઈન |
| 15 | અમિર અમાનુલ્લાહ ખાન પુરસ્કાર | 2016 | અફઘાનિસ્તાન |
| 16 | કિંગ અબ્દુલ અઝિઝ સૈશ પુરસ્કાર | 2016 | સાઉદી અરેબિયા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈજિપ્ત મુલાકાતની કેટલીક મુખ્ય બાબતો

### વ્યૂહાત્મક ભાગીદારી કરાર

ભારત અને ઈજિપ્ત વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો માટે ખૂબ મહત્ત્વ ધરાવે છે. તેના મુખ્ય ઘટકો નીચે મુજબ છે :

(1) રાજકીય

(2) સંરક્ષણ અને સુરક્ષા

(3) વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સહકાર

(4) સાંસ્કૃતિક અને જાહેર સંબંધો

## MoU

ભારત અને ઈજિપ્ત વચ્ચે કૃષિ, પુરાતત્વ અને પ્રાચીન વસ્તુઓ તથા સ્પર્ધાના કાયદાના ક્ષેત્રોમાં સહકાર વધારવાના ઉદ્દેશ્ય સાથે ત્રણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

## દ્વિપક્ષીય ચર્ચા

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઈજિપ્તના રાષ્ટ્રપતિએ G20માં બહુપક્ષીય સહકાર, ખાદ્ય અને ઊર્જા સુરક્ષા, આબોહવા પરિવર્તન અને સ્વચ્છ ઊર્જા સહકાર સહિતના વિવિધો વિષયો પર ચર્ચા કરી હતી.

## G20 સમિટમાં ઈજિપ્તની ભાગીદારી

સપ્ટેમ્બરમાં યોજનારી G20 સમિટમાં ઈજિપ્તને 'અતિથિ દેશ' તરીકે નામ આપવામાં આવ્યું છે, જે બંને વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

## અલ-હકીમ મસ્જિદ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેરોમાં 11મી સદીની અલ–હકીમ મસ્જિદની મુલાકાત લીધી હતી, જેને ભારતના દાઉદી વોહરા સમુદાય દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવી હતી.

## હેલિઓપોલિસ મેમોરિયલ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈજિપ્તના કાહિરામાં સ્થિત હેલિઓપોલિસ વોર મેમોરિયલની મુલાકાત લીધી હતી.

- અને પ્રથમ વિશ્વ યુદ્ધમાં સર્વોચ્ચ બલિદાન આપનાર ભારતના સૈનિકોની શહાદતને નમન કરી શ્રદ્ધાંજલી અર્પણ ફરી હતી.

## ભારત-ઈજિપ્ત સંબંધો

વિશ્વની બે સૌથી જૂની સંસ્કૃતિઓ, જેમ કે ભારત અને ઈજિપ્ત વચ્ચેના સંપર્કનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે અને સમ્રાટ અશોકના સમયથી શોધી શકાય છે.

- નોંધનીય છે કે સમ્રાટ અશોકના આદેશો ટોલમી-II હેઠળ ઈજિપ્ત સાથેના તેમના સંબંધોનો ઉલ્લેખ કરે છે.
- બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો રાજકીય, આર્થિક, સાંસ્કૃતિક અને સંરક્ષણ સહયોગ સહિતના વિવિધ ક્ષેત્રોને સમાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આધુનિક સમયમાં મહાત્મા ગાંધી અને ઈજિપ્તના ક્રાંતિકારી સાદ જગલુલનું સામાન્ય ધ્યેય બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનું હતું.
- રાજદૂત સ્તરે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની સંયુક્ત રીતે 18 ઓગસ્ટ, 1947ના રોજ જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 1955માં ભારત અને ઈજિપ્તે મિત્રતા સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા.
- 2016માં ભારત અને ઈજિપ્તે રાજકીય–સુરક્ષા સહકાર, આર્થિક જોડાણ, વૈજ્ઞાનિક સહકાર અને લોકો વચ્ચેના સંબંધોના સિદ્ધાંતો પર નવા યુગ માટે નવી ભાગીદારી બનાવવાના તેમના ઈરાદાની રૂપરેખા દર્શાવતી સંયુક્ત ઘોષણા બહાર પાડી હતી.
- વર્ષ 2022-23માં ઈજિપ્ત સાથે ભારતનો વેપાર 6,061 મિલિયન યુએસ ડોલર હોવાનો અંદાજ છે, જે પાછલા વર્ષ કરતા 17% ઓછો છે.
- આ વેપારનો લગભગ એક તૃતીયાંશ ભાગ પેટ્રોલિયમ સાથે સંબંધિત હતો.
- વર્ષ 2022-23માં ભારત ઈજિપ્તનું છઠ્ઠું સૌથી મોટું વેપારી ભાગીદાર છે, જ્યારે ઈજિપ્ત ભારતનું 38મું વેપારી ભાગીદાર છે.
- ભારતે ઈજિપ્તમાં 3.15 બિલિયન યુએસ ડોલરના કુલ મૂલ્ય સાથે 50 પ્રોજેક્ટ્સમાં રોકાણ કર્યુ છે. જ્યારે ઈજિપ્તે ભારતમાં 37 મિલિયન યુએસ ડોલરનું રોકાણ કર્યુ છે.
- બંને દેશોની હવાઈ દળોએ 1960 ના દાયકામાં ફાઈટર એરક્રાફ્ટના વિકાસમાં સહયોગ કર્યો હતો અને ભારતીય પાઈલટોએ 1960ના દાયકાના અંતથી લઈને 1980ના દાયકાના મધ્ય સુધી તેમના ઈજિપ્તીયન સમકક્ષોને તાલીમ આપી હતી.

**નોંધ:** (1) 1992માં કૈરોમાં <u>મૌલના આઝાદ સેન્ટર ફોર ઈન્ડિયન કલ્ચર (MACIC)</u>ની સ્થાપના કરવામાં આવી હતી. આ કેન્દ્ર બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપી રહ્યું છે.

(2) ભારતીય સેના અને ઈજિપ્તની સેના વચ્ચે પ્રથમ સંયુક્ત વિશેષ દળોની કવાયત <u>'અભ્યાસ ચક્વાત-I'</u> 14 જાન્યુઆરી, 2023ના રોજ રાજસ્થાનના જેસલમેર ખાતે સમાપ્ત થઈ હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'MSME દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 25 જૂન (B) 26 જૂન (C) 27 જૂન (D) 28 જૂન **(C)**

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલ વર્ષ 2023ની 'MSME દિવસ'ની થીમ શું છે ?

(A) Building a Stronger Future Together

(B) Resilience and rebuilding : MSME for Sustainable development

(C) Covid-19 : The great lockdown and impact on common man

(D) The great MSME and its impact on Small Business **(A)**

3. 1. રોજગાર સર્જન

2. આર્થિક વૃદ્ધિ

3. નિકાસ પ્રોત્સાહન

4. ઔદ્યોગિક ઉત્પાદન

5. પ્રાદેશિક વિકાસ

ભારતીય અર્થતંત્રમાં MSMEની નિર્ણાયક ભૂમિકામાં ઉપરોક્તમાંથી કયું પરિબળ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1, 2, અને 5

(C) માત્ર 1, 3, 4 અને 5 (D) 1, 2, 3, 4 અને 5 **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે થયેલા મુખ્ય કરારો અને સહયોગ વિશે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. અમેરિકાની કંપની GE અને ભારતની HAL વચ્ચે તેજસ MK2 લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ માટે F414 જેટ એન્જિનના સહ–ઉત્પાદન માટે MoU કર્યા હતા.

2. ભારતની સશસ્ત્ર ડ્રોનની ખરીદી અને 'Indus-x' પ્લેટફોર્મ દ્વારા સંરક્ષણ ઔદ્યોગિક નવીનતામાં સહયોગની જાહેરાત કરવામાં આવી હતી.

3. ભારત દ્વારા જનરલ એટોમિક્સના MQ-9 રિપર આર્મ્ડ ડ્રોનની ખરીદી માટે મેગા ડીલની જાહેરાત કરવામાં આવી હતી.

4. ભારત અને અમેરિકાએ રાયપુરમાં લિથિયમ પ્લાન્ટ સ્થાપવા માટેના MoU પર હસ્તાક્ષર કર્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 3 અને 4 **(B)**

5. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની મુલાકાત દરમિયાન અમેરિકાએ ભારતમાં કયા બે સ્થળે નવા કોન્સ્યુલેટ ખોલવાની જાહેરાત કરી હતી ?

(A) અમદાવાદ, બેંગ્લોર (B) જોધપુર, પુણે

(C) દિલ્હી, જયપુર (D) ચેન્નાઈ, પુણે **(A)**

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ........... દેશના સર્વોચ્ચ સન્માન 'Order of the Nile'થી નવાજવામાં આવ્યા હતા.

(A) અમેરિકા (B) ઈજિપ્ત

(C) પાપુઆ ન્યૂ ગિની (D) દક્ષિણ આફ્રિકા **(B)**

7. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'હેલિઓપોલિસ વોર મેમોરિયલ'ની મુલાકાત લીધી હતી. તે કયા દેશમાં સ્થિત છે ?

(A) ઈજિપ્ત (B) અમેરિકા (C) જાપાન (D) ઓસ્ટ્રેલિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## રશિયામાં વેગનેર બળવો (Wagner rebellion in Russia)

તાજેતરમાં રશિયાની વેગનેર પ્રાઈવેટ મિલિટરી કંપનીના વડા યેવજેની પ્રિગોવિઝનએ રશિયાની સંરક્ષણ સ્થાપના સામે અલ્પકાલિક બળવો કર્યો હતો, જેણે રશિયામાં અભૂતપૂર્વ આંતરિક સુરક્ષા કટોકટી ઊભી કરી હતી.

- વેગનેર ગ્રૂપ (પ્રિગોઝિન)ના વડાએ રશિયાના સંરક્ષણ મંત્રાલય (MOD)ના નેતૃત્વ પર ભ્રષ્ટાચાર અને અસમર્થતાનો દાવો કરીને ગંભીર આરોપો મૂકયા હતા.
- તેમની ફરિયાદો દૂર કરવાના પ્રયાસરૂપે વેગનેર ફોર્સે મોસ્કો તરફ 'જસ્ટિસ માર્ચ' શરૂ કરી હતી, જેના પરિણામે અથડામણ અને નોંધપાત્ર નુકસાન થયું હતું.
- રશિયન રાષ્ટ્રપતિએ બળવાની નિંદા કરી હતી અને તેને 'રાજદ્રોહ' ગણાવ્યો હતો.
- તેમણે સુરક્ષા દળોને બળવાને ડામવા આદેશ આપ્યો હતો. જોકે, વેગનેરના અગાઉના જોડાણ અને તેની અસરકારકતાઓને કારણે તેઓને મૂંઝવણનો સામનો કરવો પડયો હતો.
- રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદીમીર પૂતિને બેલારૂસના રાષ્ટ્રપતિની મદદથી પ્રિગોઝિન સાથે વાતચીત કરી હતી અને વાટાઘાટો અનુસાર પ્રિગોઝિન પીછેહઠ કરવા અને બેલારૂસમાં સ્થળાંતર કરવા સંમત થયા હતા.

### વેગનેર ગ્રૂપ

વેગનેર ગ્રૂપને PMC વેગનેર તરીકે પણ ઓળખવામાં આવે છે.

- 2014માં રશિયાના ક્રિમીયાના જોડાણ દરમિયાન વેગનેર ગ્રૂપ પ્રથમ વખત સામે આવ્યું હતું.
- વેગનેર પાસે લગભગ 50,000 ભાડૂતી સૈનિકો હતા, જેમાંથી ઘણા ભૂતપૂર્વ કેદીઓ હતા અને યુક્રેનમાં લડતા હતા.
- આ ગ્રૂપે વર્ષોથી મધ્યપૂર્વ આફ્રિકા અને લેટિન અમેરિકામાં યુદ્ધ ક્ષેત્રોમાં સેવા આપી છે.
- તેના માલિક અને વડા યેવજેની પ્રિગોઝિન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## World Competitiveness Index 2023

તાજેતરમાં ઈન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) દ્વારા વાર્ષિક 'વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક 2023' (World Competitiveness Index 2023) બહાર પાડવામાં આવ્યો હતો.

- આ ઈન્ડેક્સમાં ભારત 40મા ક્રમે છે.
- વર્ષ 2022માં ભારત આ ઈન્ડેક્સમાં 37મા ક્રમે હતું. જેમાં વર્ષ 2023માં ત્રણ ક્રમમાં ઘટાડો થયો છે.
- ટોચના 64 દેશોની યાદીમાં ડેનમાર્ક ટોચના સ્થાને છે.
- જે વર્ષ 2022માં પણ પ્રથમ ક્રમે હતું.
- જ્યારે આયર્લેન્ડ બીજા અને સ્વિત્ઝર્લેન્ડ ત્રીજા ક્રમે છે.

## World Competitiveness Index 2023

| Rank | Country |
|---|---|
| 1 | ડેનમાર્ક |
| 2 | આયર્લેન્ડ |
| 3 | સ્વિત્ઝર્લેન્ડ |
| 4 | સિંગાપોર |
| 5 | નેધરલેન્ડ |
| 6 | તાઈવાન |
| 40 | ભારત |
| 64 | વેનેઝુએલા |

નોંધ : (1) વિશ્વ સ્પર્ધાત્મક સૂચકાંક એક વ્યાપક વાર્ષિક અહેવાલ અને દેશોની સ્પર્ધા પર વિશ્વવ્યાપી સંદર્ભ બિંદુ છે.

(2) તે ટકાઉ મૂલ્યો હાંસલ કરવા માટે તેઓ તેમની ક્ષમતાઓનું સંચાલન કેવી રીતે કરે છે તેના પર દેશોનું વિશ્લેષણ કરે છે અને રેન્ક આપે છે.

(3) તે આર્થિક કામગીરી, સરકારી કાર્યક્ષમતા, વ્યવસાય કાર્યક્ષમતા અને મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર એમ ચાર પરિબળોની તપાસ કરીને દેશોની સમૃદ્ધિ અને સ્પર્ધાત્મકતાને માપે છે.

## ઉત્તરપ્રદેશના 7 ઉત્પાદનોને GI ટેગ

ઉત્તરપ્રદેશના સાત વિશિષ્ટ ઉત્પાદનો જે તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પરંપરાગત હસ્તકલા માટે પ્રખ્યાત છે, તેને તાજેતરમાં ચેન્નાઈ સ્થિત ભૌગોલિક સંકેત રજિસ્ટ્રિ દ્વારા ભૌગોલિક સંકેત (GI) ટેગ આપવામાં આવ્યો છે.

- ઉત્તરપ્રદેશના જે 7 ઉત્પાદનોને GI ટેગ આપવામાં આવ્યો છે તેના નામ નીચે મુજબ છે :

(1) અમરોહા ઢોલક

(2) બાગપત હોમ ફર્નિશિંગ

(3) બારાબંકી હેન્ડલૂમ પ્રોડક્ટ્સ

(4) કાલપી હેન્ડમેઈડ પેપર

(5) મૈનપુરી તરકાશી

(6) સંભલ હોર્ન ક્રાફ્ટ

(7) મહોબા ગૌરા પથ્થર હસ્તકલા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અમરોહા ઢોલક



અમરોહા ઢોલક એ કુદરતી લાકડામાંથી બનાવેલ સંગીતનું સાધન છે.

- જેમાં આંબો, જેકફ્રૂટ અને સાગવૂડને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- આંબા અને શીશમના ઝાડમાંથી લાકડાનો ઉપયોગ બહુવિધ કદના હોલો બ્લોક્સ કોતરવા માટે કરે છે, જે પછી સાધન બનાવવા માટે પ્રાણીઓની ચામડી, મુખ્યત્વે બકરીની ચામડી સાથે ફીટ કરવામાં આવે છે.

## બાગપત હોમ ફર્નિશિંગ

બાગપત અને મેરઠ તેમના વિશિષ્ટ હેન્ડલૂમ હોમ ફર્નિશિંગ ઉત્પાદનો માટે જાણીતા છે.

- પ્રદેશમાં કુશળ કારીગરો હેન્ડલૂમ વણાટની પ્રક્રિયામાં માત્ર સુતરાઉ યાર્નનો ઉપયોગ કરે છે, જે ઉત્પાદનોની અધિકૃતતા અને ગુણવત્તાની ખાતરી કરે છે.

## કાલપી હેન્ડમેઈડ પેપર

કાલપી અથવા કલાપી હાથથી બનાવેલા કાગળના ઉત્પાદન માટે જાણીતું છે.

- આ હસ્તકલાને સૌપ્રથમ 1940માં ગાંધીવાદી મુન્નાલાલ 'ખદરી' દ્વારા રજૂ કરવામાં આવી હતી, કાલપીના ઈતિહાસમાં તેના મૂળ ઘણા જૂના હોઈ શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહોબા ગૌરા સ્ટોન હસ્તકલા



મહોબા ગૌરા સ્ટોન (પથ્થર) હસ્તકલા મહોબાના અનોખા પથ્થર હસ્તકલાનું પ્રતિનિધિત્વ કરે છે.

- તેમાં વપરાતો પથ્થર જેને વૈજ્ઞાનિક રીતે 'પાયરો ફલાઈટ સ્ટોન' તરીકે ઓળખવામાં આવે છે, તે એક નરમ અને ચળકતો સફેદ રંગનો પથ્થર છે જે મુખ્યત્વે આ પ્રદેશમાં જોવા મળે છે.

## બારાબંકી હેન્ડલૂમ પ્રોડક્ટ્સ

બારાબંકી અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ 50,000 કારીગર અને 20,000 લૂમ છે, જે હાથશાળ વણાટની નોંધપાત્ર હાજરી દર્શાવે છે.

- આ પ્રદેશમાં હાથશાળ વણાટનો સમૃદ્ધ ઈતિહાસ છે, જેમાં કુશળ કારીગરો બારાબંકીના વાઈબ્રન્ટ ટેક્સટાઈલ ઉદ્યોગમાં ફાળો આપે છે.

## મૈનપુરી તરકાશી



મૈનપુરી તરકાશી એક લોકપ્રિય કલા છે, જેમાં લાકડા પર પિત્તળના તાર જડવાનું કામ સામેલ છે.

- તરકાશીનો ઉપયોગ મુખ્યત્વે ઘરની જરૂરિયાત તરીકે ખડૌસ (લાકડાના સેન્ડલ) બનાવવા માટે કરવામાં આવતો હતો, સાંસ્કૃતિક બાબતોને કારણે ચામડાની જગ્યાએ તેમનો ઉપયોગ થાય છે.

## સંભલ હોર્ન ક્રાફ્ટ



સંભલ હોર્ન ક્રાફ્ટ મૃત પ્રાણીઓમાંથી મેળવેલા કાચા માલનો ઉપયોગ કરે છે અને તેમાં ઝીણવટભરી હસ્તકલા પ્રક્રિયાઓ સામેલ છે.

- કુશળ કારીગરો કાચા માલને સુંદર હાથથી બનાવેલા ઉત્પાદનોમાં રૂપાંતરિત કરે છે, જે સંભલના હોર્ન હસ્તકલાની વિશિષ્ટતા દર્શાવે છે.

## GI Tag

GI Tagનું પૂરું નામ 'Geographical Indication' (ભૌગોલિક સંકેત) GI Tag છે.

- GI ટેગ એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતું એક ચિહ્ન છે.
- કોઈ ચોક્કસ વિસ્તારમાં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમાં) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટને આ ચિહ્ન આપવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ વખત પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ચાને GI Tag આપવામાં આવ્યો હતો.
- જ્યારે ગુજરાતમાંથી સૌપ્રથમ વખત સંખેડા ફર્નિચરને આ ટેગ આપવામાં આવ્યો હતો.
- ભારતમાં ભૌગોલિક સંકેતોની નોંધણી 'Geographical Indication of Goods (Registration and Protection) Act, 1999' દ્વારા નિયંત્રિત થાય છે.
- આ ભૌગોલિક સંકેતની નોંધણી 10 વર્ષના સમયગાળા માટે માન્ય હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવી વૈશ્વિક નાણાકીય સંધિ માટે સમિટ (Summit on New Global Financial Pact)




આબોહવા, ઊર્જા, આરોગ્ય અને આર્થિક કટોકટીની અસરો ખાસ કરીને સૌથી વધુ સંવેદનશીલ દેશોમાં અને તેના ધીરાણ અંગે ચર્ચા કરવા માટે ફ્રાન્સના પેરિસમાં 'ન્યૂ ગ્લોબલ ફાઈનાન્સિંગ પેક્ટ' માટેની સમિટ યોજાઈ હતી.

- UNFCCના પક્ષકારોની 27મી કોન્ફરન્સ (COP27)માં આ સમિટની જાહેરાત કરવામાં આવી હતી.
- આ સમિટમાં દેશના નેતાઓ, નાણામંત્રીઓ અને નાગરિક સમાજ સંસ્થાઓને એક સાથે લાવવામાં આવ્યા હતા.
- ન્યૂ ગ્લોબલ ફાઈનાન્સિંગ પેક્ટ માટેની સમિટને ટૂંકમાં 'પેક્ટ સમિટ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ સમિટની આગેવાની ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા કરવામાં આવી હતી જેમાં સૌથી વધુ સંવેદનશીલ સાથે નવા નાણાકીય કરારની જરૂરિયાતને પ્રકાશિત કરવામાં આવી હતી.
- આ ઉપરાંત 'Polluter Pays Principle' પર ચર્ચા કરવા માટે એક વધારાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- 'પોલ્યુટર પે પ્રિન્સિપલ' સિદ્ધાંત એ વાત પર ભાર મૂકે છે કે જેઓ પ્રદૂષણમાં ફાળો આપે છે તેઓએ તેમની ક્રિયાઓથી થતા પર્યાવરણીય નુકસાનના સંચાલનની જવાબદારી ઉઠાવવી જોઈએ અને અસરગ્રસ્તોને વળતર આપવું જોઈએ.
- આબોહવા પરિવર્તન અને પ્રદૂષણના વિવિધ સ્વરૂપોમાં તેમના યોગદાનના કારણે પ્રદૂષક ગણાતા ગ્રીનહાઉસ વાયુઓ ચર્ચાના મુખ્ય કેન્દ્રમાં હતાં.
- સમિટમાં ઉભરતી અર્થવ્યવસ્થાઓને 200 બિલિયન અમેરિકન ડોલરની વધારાની ધિરાણ ક્ષમતામાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
- IMFએ સંવેદનશીલ દેશોને સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ (SDR)માં 100 બિલિયન અમેરિકન ડોલરની ફાળવણીની જાહેરાત કરી હતી.
- સેનેગલ માટે 2.5 બિલિયન યુરોના નવા જસ્ટ એનર્જી ટ્રાન્ઝિશન પાર્ટનરશિપ (JETP) સોદાની જાહેરાત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં રશિયામાં વેગનેર બળવો (Wagner rebellion in Russia) ચર્ચામાં હતો. આ વેગનેર શું છે ?

(A) પ્રાઈવેટ મિલિટરી ગ્રૂપ (B) યુક્રેનની એક નીતિ

(C) રશિયાનું પર્યાવરણીય જૂથ (D) રશિયા–યુક્રેન પરનું એક ગામ

(A)

2. World Competitiveness Index 2023માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) સ્વિત્ઝર્લેન્ડ (B) ડેનમાર્ક (C) ઈઝરાયેલ (D) સ્વિડન

(B)

3. World Competitiveness Index 2023માં ભારત કયા ક્રમે છે ?

(A) 40મા (B) 33મા (C) 43મા (D) 31મા

(A)

4. તાજેતરમાં ઉત્તરપ્રદેશના 7 ઉત્પાદનોને GI ટેગ આપવામાં આવ્યો હતો. જેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

1. અમરોહા ઢોલક
2. અગરા વૂડ
3. બાગપત હોમ ફર્નિશિંગ
4. મૈનપુરી તરકાશી
5. બારાબંકી હેન્ડમાઈડ પેપર
6. સંભલ હોર્ન ક્રાફ્ટ
7. કાલપી હેન્ડમેઈડ પેપર

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 6

(C) માત્ર 6 અને 7 (D) માત્ર 2

(D)

5. GI ટેગ વિશે નીચેના નિવેદનો ધ્યાનમાં લો :

1. GI ટેગ દિલ્હી સ્થિત ભૌગોલિક સંકેત રજિસ્ટ્રિ દ્વારા આપવામાં આવે છે.
2. ભૌગોલિક સંકેતોની નોંધણી 10 વર્ષના સમયગાળા માટે માન્ય હોય છે.
3. ભારતમાં સૌપ્રથમ પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ચા ને GI Tag આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત નિવેદનોમાંથી કયું નિવેદન સાચું/સાચા છે ?

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2

(C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

(C)

6. તાજેતરમાં 'Summit on New Global Financial Pact' કયાં યોજાઈ હતી ?

(A) ન્યૂયોર્ક, અમેરિકા (B) પેરિસ, ફ્રાન્સ

(C) મેલબોર્ન, ઓસ્ટ્રેલિયા (D) ટોકયો, જાપાન

(B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 29 જૂન, રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ (National Statistics Day)




ભારત સરકાર દ્વારા ભારતમાં દર વર્ષે 29 જૂનને 'National Statistics Day' અથવા તો 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- ભારતીય આંકડાકીય પ્રણાલીના વિકાસમાં શ્રી પી.સી.મહાલનોબિસના પ્રદાનને બિરદાવવા માટે ભારતમાં વર્ષ 2006 થી તેમનો જન્મ દિન 29 જૂન 'આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે.
- આ ઉપરાંત આ દિવસની ઉજવણીનો અન્ય એક હેતુ ભારતમાં સામાજિક–આર્થિક આયોજન તથા નીતિ નિર્માણમાં આંકડાકીય માહિતીના મહત્ત્વ અંગે જાગરુકતા લાવવાનો છે.
- વર્ષ 2023ની 'નેશનલ સ્ટેટિસ્ટિક્સ ડે'ની થીમ 'Alignment of state Indicator Framework with National Indicator Framework For Monitoring Sustainable Development Goals' છે.

## QS World University Ranking - 2024

તાજેતરમાં 'QS World University Rankings-2024' અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- આ રેન્કિંગમાં IIT બોમ્બેએ વિશ્વની ટોચની 150 યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યુ છે.
- IIT બોમ્બે આ રેન્કિંગમાં 149માં ક્રમે છે.
- જ્યારે ISSc બેંગ્લોર આ વર્ષે આ રેન્કિંગમાં 225માં ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે.
- MIT સતત 12મા વર્ષે ટોચની યુનિવર્સિટી છે.
- આ રેન્કિંગમાં બીજા સ્થાને કેમ્બ્રિજ યુનિવર્સિટી અને ત્યારબાદ ત્રીજા સ્થાને ઓક્સફોર્ડ યુનિવર્સિટી છે.
- સિંગાપોરની નેશનલ યુનિવર્સિટી ટોપ 10માં પ્રવેશ મેળવનારી પ્રથમ એશિયન યુનિવર્સિટી બની છે.
- QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં 45 યુનિવર્સિટીઓ રેન્કિંગ પ્રાપ્ત કરીને ભારત વૈશ્વિક સ્તરે સાતમો સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## QS World University Ranking - 2024

| Rank | Institute | Country |
|---|---|---|
| 1 | Massachusetts Institute of Technology (MIT) | USA |
| 2 | University of Cambridge | UK |
| 3 | University of Oxford | UK |
| 4 | Harvard University | USA |
| 5 | Stanfod University | USA |
| 6 | Imperial College London | UK |
| 7 | ETH Zurich | Switzerland |
| 8 | NUS | Singapore |
| 9 | UCL | UK |
| 10 | University of California, Berkeley (UCB) | USA |
| 149 | IIT Bombay | India |
| 197 | IIT Delhi | India |
| 225 | IISc Banglore | India |
| 271 | IIT Kharagpur | India |
| 278 | IIT Kanpur | India |
| 285 | IIT Madras | India |
| 364 | IIT Guwahati | India |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

નોંધ : (1) બ્રિટનની QS (Quacqarelli Symonds) Limited નામની કંપની દ્વારા દર વર્ષે 2004થી દર વર્ષે આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(2) આ રેન્કિંગ વિશ્વભરની યુનિવર્સિટીઓના પ્રદર્શન અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે.

(3) આ રેન્કિંગમાં શૈક્ષણિક પ્રતિષ્ઠા, ફેકલ્ટી–વિદ્યાર્થી ગુણોત્તર, નોકરીદાતાની પ્રતિષ્ઠા, ટકાઉપણું, રોજગાર પરિણામો, આંતરરાષ્ટ્રીય સંશોધન નેટવર્ક, ફેકલ્ટી દીઠ અવતરણો, આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી ગુણોત્તર અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ગુણોત્તર જેવા સૂચકાંકોને ધ્યાનમાં લેવામાં આવે છે.

# ગુજરાત સરકાર અને અમેરિકન ચીપ મેકર માઈક્રોન ટેક્નોલોજી વચ્ચે ઐતિહાસિક MoU




તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અમેરિકાની મુલાકાત દરમિયાન ભારતમાં સેમિકન્ડક્ટરના નિર્માણને વધારો કરવા માટે અમેરિકન ચિપ–નિર્માતા માઈક્રોન ટેક્નોલોજીને આમંત્રિત કરી હતી.

- આ અંતર્ગત માઈક્રોન ટેક્નોલોજી દ્વારા 2.75 બિલિયન યુ.એસ.ડોલર એટલે કે રૂ. 22,500 કરોડ કરતા વધુના રોકાણથી ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર એસેમ્બલી, ટેસ્ટ, માર્કીંગ અને પેકેજિંગ (ATMP) ફેસેલિટી સ્થાપવામાં આવશે.
- વિશ્વભરમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર અને મોટી કંપનીઝમાંની એક એવી સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની માઈક્રોન ટેક્નોલોજી અને ગુજરાત સરકાર વચ્ચે આ સંદર્ભમાં ઐતિહાસિક MoU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ભારત સરકારના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવની પ્રેરક ઉપસ્થિતિમાં આ MoU પર ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજી સચિવ શ્રી વિજય નેહરા અને માઈક્રોનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ગુરૂશરણ સિંઘે હસ્તાક્ષર કર્યા હતા.
- તે ભારતનું સૌપ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર મેમરી એસેમ્બલી અને ટેસ્ટ યુનિટ બનશે.
- આ કરાર દેશમાં એક નવા ઔદ્યોગિક યુગની શરૂઆત કરશે, જે ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે એક ઓળખ અપાવશે.
- આ પ્રોજેક્ટની સ્થાપનાથી ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે મોટો બદલાવ આવશે. પાંચ હજાર પ્રત્યક્ષ અને 15 હજાર પરોક્ષ મળી કુલ 20 હજાર રોજગારીનું સર્જન થશે.
- નોંધનીય છે કે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશને રાજ્યમાં પ્લગ એન્ડ પ્લે સુવિધા સાથેની 45,000 હેક્ટર જમીન ડેવલપ કરી છે.

## સાણંદમાં ATMP પ્લાન્ટ

માઈક્રોને પોતાની નવી ATMP ફેસિલિટી માટે સાણંદ GIDC-IIને પસંદ કરી છે.

- સાણંદ GIDC હાઈલી ઈન્ડસ્ટ્રીયલાઈઝડ ઝોન છે, અહીં અનેક નામાંકિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રીઝ કાર્યરત છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- આ પ્રસંગે GIDCના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. રાહુલ ગુપ્તાએ માઈક્રોનને 93 એકર જમીન ફાળવણી માટેનો ઓફર કમ એલોટમેન્ટ (OCA) લેટર હેન્ડઓવર કર્યો હતો.
- માઈક્રોન કંપની સાણંદ GIDC એસ્ટેટની અંદર એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીની સ્થાપના કરશે.
- કંપની આ ફેસિલિટી ખાતે સેમિકન્ડક્ટર વેફરને બોલ ગ્રીડ એરે (BGA) ઈન્ટિગ્રેટેડ સર્કિટ પેકેજીસ, મેમરી મોડ્યુલ્સ સોલિડ–સ્ટેટ ડ્રાઈવ્ઝમાં રૂપાંતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિ કરશે.
- માઈક્રોન ટેક્નોલોજીએ નીચેની વિશેષતાઓને ધ્યાને લઈ ગુજરાતની પસંદગી કરી છે :

(1) વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ

(2) GIDCનું અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર

(3) કુશળ માનવબળની વિશાળ ઉપલબ્ધિ

(4) નીતિ નિર્ધારણમાં ચોક્કસતા અને પારદર્શિતા

નોંધ : (1) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને દિશા–નિર્દેશનમાં ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી 2022-27 સપ્ટેમ્બર 2022માં જાહેર કરવામાં આવી હતી.

(2) સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાના કેન્દ્ર સરકારના પ્રયાસોને મજબૂત બનાવતી આવી પોલિસી ઘડનારું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે.

(3) સેમિકન્ડક્ટર ક્ષેત્રોના ઉદ્યોગોને ગુજરાતમાં આકર્ષવા અને જરૂરી તમામ સહકાર આપવાના હેતુથી રાજ્ય સરકારે એક ડેડિકેટેડ સંસ્થા 'ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક મિશન' (GSEM)ની સ્થાપના કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સેમિકન્ડક્ટર ચિપ્સ

સેમિકન્ડક્ટર એવી સામગ્રી છે જે કંડક્ટર અને ઈન્સ્યુલેટ વચ્ચે વાહકતા ધરાવે છે.

- તે શુદ્ધ ધાતુ, સિલિકોન, જર્મેનિયમ અથવા કોઈપણ સંયોજન, ગેલિયમ, આર્સેનાઈડ અથવા કેડિયમ સેલેનાઈડ હોઈ શકે છે.
- સેમિકન્ડક્ટર ચિપનો મૂળભૂત ઘટક સિલિકોનનો એક ટૂકડો હોય છે, જે અબજો માઈક્રોસ્કોપિક ટ્રાન્ઝિસ્ટરથી કોતરાયેલો છે. અને ચોક્કસ ખનિજો તથા વાયુઓથી પ્રક્ષેપિત છે, જે વિવિધ કોમ્પ્યૂટર સૂચનાઓનું પાલન કરીને વિદ્યુત ધારાના પ્રવાહને નિયંત્રિત કરવા માટે મોડેલો બનાવે છે.
- આજે ઉપલબ્ધ સૌથી અધતન સેમિકન્ડક્ટર ટેકનોલોજી નોડ્સ 3nm અને 5nm (નેનોમીટર) છે.

- ઉચ્ચ નેનોમીટર મૂલ્યો ધરાવતા સેમિકન્ડક્ટરનો ઉપયોગ ઓટોમોબાઈલ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ વગેરેમાં થાય છે.
- જ્યારે સ્માર્ટફોન અને લેપટોપ જેવા ઉપકરણોમાં નીચા મૂલ્યોવાળા સેમિકન્ડક્ટરનો ઉપયોગ થાય છે.
- ચીપ બનાવવાની પ્રક્રિયા જટિલ અને ખૂબ જ સચોટ છે, જેમાં સપ્લાય ચેઈનમાં અન્ય ઘણા પગલાંઓ છે જેમ કે કંપનીઓ દ્વારા ઉપકરણોમાં ઉપયોગ માટે નવી સર્કિટ વિકસાવવા માટે ચિપ ડિઝાઈનિંગ, ચિપ્સ માટે સોફ્ટવેર ડિઝાઈનિંગ અને સેન્ટ્રલ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IPR)ના માધ્યમથી તેને પેમેન્ટ કરવી.
- સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IOT)માં કનેક્ટેડ ઉપકરણો સુધી લગભગ દરેક આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણના થંબનેલ–કદના બિલ્ડીંગ બ્લોક્સ છે.
- તે ઉપકરણોને કોમ્પ્યુટેશનલ પાવર આપવામાં મદદ કરે છે.

## વૈશ્વિક પરિદ્રશ્ય

ચિપ–નિર્માણ ઉદ્યોગ ખૂબ જ કેન્દ્રિત છે, જેમાં મુખ્ય ઉત્પાદકો તાઈવાન, દક્ષિણ કોરિયા અને યુએસ છે.

- હકિકતમાં 5nm ચિપ્સમાંથી 90% તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની (TSMC) દ્વારા તાઈવાનમાં મોટા પ્રમાણમાં ઉત્પાદિત થાય છે.
- તેથી વૈશ્વિક ચિપની અછત, તાઈવાન પર યુએસ–ચીન તણાવ અને રશિયા–યુક્રેન સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન વિક્ષેપોએ મુખ્ય અર્થતંત્રોને ચિપ નિર્માણમાં ફરીથી પ્રવેશવા માટે પ્રેરિત કર્યા છે.
- વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉદ્યોગનું મૂલ્ય હાલમાં 500-600 બિલિયન અમેરિકન ડોલર છે અને હાલમાં 3 ટ્રિલિયન અમેરિકન ડોલર મૂલ્યના વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉદ્યોગને પૂરી પાડે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. ભારતમાં 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' અથવા તો 'National Statistics Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જૂન (B) 28 જૂન (C) 29 જૂન (D) 30 જૂન

(C)

2. ભારતમાં કોનો જન્મદિન 29 જૂન 'રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી પી. વી. નરસિંહરાવ (B) શ્રી પી. સી. ચંદ્ર

(C) શ્રી પી. સી. મહાલનોબિસ (D) શ્રી પી.સી. ચૌધરી

(C)

3. QS World University Rankings-2024માં પ્રથમ ક્રમાંકે કઈ યુનિવર્સિટી છે ?

(A) મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MIT)

(B) ઈમ્પિરિયલ કોલેજ લંડન

(C) યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ

(D) ઓક્સફોર્ડ યુનિવર્સિટી

(A)

4. QS World University Rankings-2024માં IIT Bombay કયા ક્રમે છે ?

(A) 172 (B) 155 (C) 149 (D) 141

(C)

5. તાજેતરમાં ગુજરાત સરકાર અને અમેરિકન ચીપ મેકર માઈક્રોન ટેક્નોલોજી વચ્ચે એક ઐતિહાસિક MoU થયા હતા. આ અંતર્ગત ગુજરાતમાં કયા સ્થળે માઈક્રોન ટેક્નોલોજી તેનો સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપશે ?

(A) વડોદરા (B) સાણંદ

(C) સુરત (D) રાજકોટ

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 30 જૂન, (1) વિશ્વ સોશિયલ મીડિયા દિવસ**
**(World Social Media Day)**
**(2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ**
**(International Day of Parliamentarism)**
**(3) આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ**
**(International Asteriod Day)**

## આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ



સંયુક્ત રાષ્ટ્ર દ્વારા દર વર્ષે 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત 30 જૂન, 2023ના રોજ છઠ્ઠા 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- 30 જૂન, 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' (International Parliamentarism Day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.
- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્ત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 30 જૂનની પસંદગી શા માટે ?

30 જૂન, 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્ય પ્રણાલી માટે 'ઈન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી, 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.

## મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના શરૂ કરવામાં આવી

તાજેતરમાં ભારત સરકારના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગે ચાલુ નાણાકીય વર્ષમાં 16 રાજ્યોમાં રૂ. 56,451 કરોડની મૂડી રોકાણની દરખાસ્તોને મંજૂરી આપી છે.

- આ મંજૂરી 'મૂડી રોકાણ 2023-24 માટે રાજ્યોને વિશેષ સહાય' યોજના હેઠળ આપવામાં આવી છે.
- આ 16 રાજ્યોમાં અરૂણાચલ પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મિઝોરમ, ઓડિશા, રાજસ્થાન, સિક્કિમ, તમિલનાડુ, તેલંગાણા અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.
- આ નોંધપાત્ર ફાળવણી સમગ્ર દેશમાં વિવિધ ક્ષેત્રોમાં વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

### મૂડી રોકાણ 2023-24 માટે રાજ્યોને વિશેષ સહાય યોજના

મૂડી રોકાણ/ખર્ચ માટે રાજ્યોને નાણાકીય સહાયની આ યોજના સૌપ્રથમ નાણા મંત્રાલય દ્વારા વર્ષ 2020-21માં કોવિડ-19 મહામારીને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવી હતી અને તેણે મૂડી ખર્ચ માટે રાજ્યોને સમયસર નાણાકીય સહાય પૂરી પાડી છે.

- છેલ્લા ત્રણ વર્ષથી મૂડી ખર્ચ માટેના સમાન પ્રયાસોને ચાલુ રાખીને કેન્દ્રીય બજેટ 2023-24માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ યોજના હેઠળ રાજ્ય સરકારોને નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન કુલ 1.3 લાખ કરોડ રૂપિયા સુધીની 50 વર્ષની વ્યાજમુક્ત લોનના રૂપમાં વિશેષ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.
- વર્તમાન નાણાકીય વર્ષ માટે મૂડી રોકાણની દરખાસ્તને ખર્ચ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવી છે.
- વિભાગ વિવિધ ક્ષેત્રોમાં સૂચિત પ્રોજેક્ટ્સની સંભવિતતાનું મૂલ્યાંકન કરવામાં અને નાણકીય સહાય માટેની તેમની પાત્રતા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### યોજનાના ભાગો

આ યોજનાના આઠ ભાગો છે, જેમાં ભાગ-1 રૂ. 1 લાખ કરોડની ફાળવણી સાથે સૌથી મોટો છે.

- આ રકમ 15મા નાણાપંચ દ્વારા નક્કી કરાયેલા કેન્દ્રીય કર અને ફરજોમાંના તેમના હિસ્સાના પ્રમાણમાં રાજ્યો વચ્ચે ફાળવવામાં આવી છે.
- યોજનાના અન્ય ભાગો કાં તો સુધારા સાથે અથવા ક્ષેત્ર–વિશિષ્ટ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- ભાગ-2 જૂના વાહનોને સ્ક્રેપ કરવા અને સ્વચાલિત વાહન પરીક્ષણ સુવિધાઓ સ્થાપિત કરવા માટે રાજ્યોને પ્રોત્સાહન પૂરું પાડે છે.
- ભાગ-3 અને ભાગ-4 શહેરી આયોજન અને શહેરી નાણામાં સુધારો કરવા માટે રાજ્યોને પ્રોત્સાહન પૂરું પાડે છે.
- ભાગ-5 શહેરી વિસ્તારોમાં પોલીસ સ્ટેશનોમાં પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો માટે ઉપલબ્ધ મકાનોની સંખ્યા વધારવા માટે ભંડોળ પૂરું પાડે છે.
- યોજનાનો ભાગ-6 યુનિટી મોલ પ્રોજેક્ટ્સ દ્વારા સાંસ્કૃતિક વિવિધતા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપીને રાષ્ટ્રીય એકીકરણ, મેક ઈન ઈન્ડિયા અને વન ડિસ્ટ્રિક વન પ્રોડક્ટના વિઝનને સમર્થન આપે છે.
- ભાગ-7 હેઠળ પંચાયત અને વોર્ડ સ્તરે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે પુસ્તકાલયો સ્થાપવા માટે રાજ્યોને **5000 કરોડ રૂપિયા** નાણાકીય સહાય તરીકે પ્રદાન કરવામાં આવે છે, જેનો લાભ મુખ્યત્વે બાળકો અને કિશોરોને મળે છે.

## ઉદ્દેશ્ય

આ યોજનાના મુખ્ય ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) માંગને વેગ આપીને અને રોજગારીનું સર્જન કરીને આ યોજના અર્થતંત્ર પર ઉચ્ચ ગુણક અસર કરે તેવી અપેક્ષા છે.

(b) આ યોજનાનો ઉદ્દેશ્ય કાર્યક્રમ જળ જીવન મિશન અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના જેવા મહત્વપૂર્ણ ઉદ્યોગોમાં રાજ્યના હિસ્સાને પહોંચી વળવા માટે ભંડોળ પૂરું પાડીને આયોજનને ઝડપી બનાવવાનો છે.

(c) આ યોજના શહેરોમાં શાસન અને જીવનની ગુણવત્તા સુધારવા માટે શહેરી આયોજન અને શહેરી ફાઈનાન્સને સુધારવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરવાનો પણ પ્રયાસ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં મૂડી ખર્ચ

તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈમારતો મશીનરી અને સાધનો જેવી ભૌતિક અસ્કયામતો હસ્તગત કરવા, બનાવવા અથવા સુધારવા માટે સરકાર દ્વારા ફાળવવામાં આવેલા નાણાનો સંદર્ભ આપે છે.

- તેને એક ઉત્પાદક અને વૃદ્ધિ–વધારવાનું પરિબળ માનવામાં આવે છે. કારણ કે તે અર્થતંત્રની ઉત્પાદક ક્ષમતામાં વધારો કરે છે, તેમજ નોકરીઓનું સર્જન કરે છે અને ભવિષ્યની આવકમાં વધારો કરે છે.
- ભારત સરકાર તેના વાર્ષિક બજેટ દ્વારા મૂડી ખર્ચની ફાળવણી કરે છે, જે નાણામંત્રી દ્વારા રજૂ કરવામાં આવે છે.
- મૂડી રોકાણ ખર્ચમાં સતત ત્રીજા વર્ષે વધારો જોવા મળ્યો છે, તે રૂ. 10 લાખ કરોડ સુધી પહોંચ્યો છે, જે GDPનો 3.3% હિસ્સો ધરાવે છે અને 33% (કેન્દ્રીય બજેટ 2023-24)ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે.

## અસરકારક મૂડી ખર્ચ

બજેટમાં રજૂ કરાયેલા મૂડી ખર્ચમાં સરકાર દ્વારા રાજ્યો અને અન્ય એજન્સીઓને ગ્રાન્ટ–ઈન–એઈડ દ્વારા બનાવવામાં આવેલી મૂડી અસ્કયામતો પરના ખર્ચનો સમાવેશ થતો નથી.

- બજેટમાં મહેસુલ ખર્ચ તરીકે વર્ગીકૃત કરાયેલી આ અનુદાન રસ્તા, પુલ, શાળાઓ, હોસ્પિટલો વગેરે જેવી સ્થિર સંપત્તિના નિર્માણમાં પણ ફાળો આપે છે.
- આથી જાહેર રોકાણની વાસ્તવિક હદ મેળવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'અસરકારક મૂડી ખર્ચ'નો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો છે.
- અસકારક મૂડી ખર્ચને મૂડી અસ્કાયમતોના નિર્માણ માટે મૂડી ખર્ચ અને અનુદાનમાં સરવાળા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- આ માટેનું બજેટ 13.7 લાખ કરોડ રૂપિયા અથવા GDPના 4.5% (કેન્દ્રીય બજેટ 2023-24) છે.



1. 'વિશ્વ સોશિયલ મીડિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ
(C)

2. 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 28 જૂન (B) 29 જૂન (C) 30 જૂન (D) 1 જુલાઈ
(C)

3. 'આંતરરાષ્ટ્રીય એસ્ટરોઈડ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 30 જૂન (B) 29 જૂન (C) 28 જૂન (D) 27 જૂન
(A)

4. તાજેતરમાં ભારત સરકારના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગે 'મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના'ની મંજૂરી આપી હતી. તેના સંદર્ભે નીચેના નિવેદનો પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?
1. આ અંતર્ગત ચાલુ નાણાકીય વર્ષમાં 8 રાજ્યોમાં રૂ. 22,513 કરોડની મૂડી રોકાણની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી છે.
2. કેન્દ્રીય બજેટ 2023-24માં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
3. આ યોજના હેઠળ રાજ્ય સરકારોને નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન કુલ 1.3 લાખ કરોડ રૂપિયા સુધીની 50 વર્ષની વ્યાજમુક્ત લોનના રૂપમાં વિશેષ સહાય પૂરી પાડવામાં આવી રહી છે.
4. આ યોજનામાં આઠ ભાગો છે, જેમાં ભાગ-1 રૂ. 2 લાખ કરોડની ફાળવણી સાથે મોટો છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4
(C) ફક્ત 3 અને 4 (D) 1, 2, 3 અને 4
(B)

5. 'મૂડી રોકાણ 2023-24 યોજના માટે રાજ્યોને વિશેષ સહાય' અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?
1. આ યોજના ભારતના તમામ રાજ્યોને લાગુ પડે છે.
2. આ યોજના ક્ષેત્ર–વિશિષ્ટ પ્રોજેક્ટ અને સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 1 અને 2 બંને (D) એક પણ નહીં
(B)

6. 'મૂડી રોકાણ 2023-24 યોજના માટે રાજ્યોને વિશેષ સહાય' અંગે નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?
1. આ યોજના મૂડી રોકાણ માટે રાજ્યોને 10 વર્ષના સમયગાળા માટે વ્યાજમુક્ત લોન આપે છે.
2. યોજના હેઠળ ભંડોળની ફાળવણી માત્ર રાજ્યોની વસતી પર આધારિત છે.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને (D) એક પણ નહીં
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 01 જુલાઈ, (1) રાષ્ટ્રીય ડોક્ટર દિવસ (National Doctor's Day) (2) GST દિવસ

### રાષ્ટ્રીય ડોક્ટર દિવસ




સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી શ્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમનો જન્મદિન 1, જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2023ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની થીમ 'Celebrating Resilience and Headling Hands' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ડો. બિધાનચંદ્ર રોય



ડો. બિધાન ચંદ્ર રોય પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી હતા.

- 1 જુલાઈ, 1882ના રોજ બિહારના પટના ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ્ હતા.
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ સંભાળ્યું હતું.
- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના થઈ હતી.
- તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' (1961)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમવાર મહિલા કુલપતિ તરીકે ડો. નિરજા ગુપ્તાની નિમણૂક



ગુજરાત રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી એવી ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે ડો. નિરજા ગુપ્તાની નિમણૂક કરવામાં આવી છે.

- આ સાથે ડો. નિરજા ગુપ્તા ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ મહિલા કુલપતિ બન્યા છે.
- ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે તેઓ પ્રો. હિમાંશુ પંડયાનું સ્થાન લેશે.
- ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રોફેસર હિમાંશુ પંડયાનો કાર્યકાળ 30 જૂનના રોજ પૂરો થયો હતો.
- ડો. નિરજા ગુપ્તા ગુજરાત યુનિવર્સિટીના 18માં કુલપતિ બન્યા છે.

## ડો. નિરજા ગુપ્તા

ડો. નિરજા ગુપ્તા ભવન્સ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ, ભારતીય વિદ્યા ભવન, ખાનપુર, અમદાવાદ ખાતે પ્રોફેસર અને આચાર્ય રહી ચૂકયા છે.

- 2006થી 2012 સુધી તેઓ ગુજરાત યુનિવર્સિટીના ફોરેન એજ્યુકેશન પ્રોગ્રામના સલાહકાર રહ્યા છે.
- તેમણે 1992માં મેરઠ યુનિવર્સિટીમાંથી ડોક્ટોરેટની પદવી મળી હતી.
- તેઓ હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, આસામી ઉપરાંત ઉર્દૂ પર પ્રભુત્વ ધરાવે છે.
- તેઓ યુનિવર્સિટીમાં સિન્ડિકેટ સભ્ય પણ રહી ચૂકયા છે અને સેનેટ સભ્ય પણ રહી ચૂકયા છે.
- નોંધનીય છે કે ડો. નિરજા ગુપ્તા હાલમાં સાંચિ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પણ કાર્યરત છે.

નોંધ : (1) યુનિવર્સિટીના ચાન્સેલર (કુલપતિ) હોદ્દાની રૂએ રાજ્યપાલ હોય છે.

(2) આથી ગુજરાત યુનિવર્સિટીના ચાન્સેલર (કુલપતિ) ગુજરાતના રાજ્યપાલ છે જ્યારે વાઈસ ચાન્સેલર ડો. નિરજા ગુપ્તા છે.

## ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી એ ગુજરાત રાજ્યની સૌથી મોટી યુનિવર્સિટી છે.

- ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના 23 નવેમ્બર, 1949ના રોજ થઈ હતી.
- ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા હતા.
- ગુજરાત યુનિવર્સિટીની કલ્પના 1920ના દશકમાં મહાત્મા ગાંધીજી, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, આચાર્ય આનંદશંકર બી. ધ્રુવ, શ્રી ગણેશ વાસુદેવ માવળકર અને કસ્તુરભાઈ લાલભાઈ જેવા ઘણા નેતાઓએ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ત્યારબાદ આઝાદી પછી આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી.
- ગુજરાત યુનિવર્સિટીની રચના <u>1949</u>માં ગુજરાત સરકારના <u>ગુજરાત યુનિવર્સિટી એક્ટ</u> હેઠળ શિક્ષણ અને સંલગ્ન યુનિવર્સિટી તરીકે કરવામાં આવી હતી.
- અમદાવાદના <u>નવરંગપુરા વિસ્તાર</u>માં સ્થિત યુનિવર્સિટીનું કેમ્પસ 300 એકરમાં ફેલાયેલું છે. તથા સંલગ્ન કોલેજો અને સંસ્થાઓ સમગ્ર અમદાવાદ, ગાંધીનગર અને ખેડા જિલ્લામાં ફેલાયેલી છે.
- યુનિવર્સિટીના મુખ્ય ટાવર બિલ્ડિંગની ડિઝાઈન <u>આત્મારામ ગજ્જર</u> દ્વારા બનાવવામાં આવી હતી.

## ભારત આઠમી વખત એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપમાં વિજેતા

તાજેતરમાં <u>એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપ 2023નું</u> આયોજન <u>દક્ષિણ કોરિયાના બુસાન</u> ખાતે કરવામાં આવ્યું હતું.




- જેમાં <u>ભારતીય મેન્સ કબડ્ડી ટીમે</u> ઈરાનને 42-32થી હરાવીને આ ચેમ્પિયનશિપ જીતી લીધી છે.
- આ સાથે ભારતે એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપનું <u>આઠમું ટાઈટલ</u> જીત્યું છે.
- એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપની આ <u>9મી સિઝન</u> હતી. જેમાં ભારત 8 વખત ચેમ્પિયન થયું છે.
- ભારતીય ટીમના કેપ્ટન <u>શ્રી પવન સેહરાવતે</u> મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- આ એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપમાં ભારત, ઈરાન, જાપાન, કોરિયા, ચાઈનીઝ તાઈપાઈ અને હોંગકોંગ એમ છ ટીમોએ ભાગ લીધો હતો.

નોંધ : (1) એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપની શરૂઆત વર્ષ 1980માં થઈ હતી.

(2) જેમાં <u>આઠ વખત ભારત</u> અને <u>એક વખત ઈરાન</u> ચેમ્પિયન બન્યું છે.







1. 'ભારતમાં 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 જૂન (B) 2 જૂન (C) 1 જુલાઈ (D) 2 જુલાઈ **(C)**

2. ભારતમાં કોનો જન્મ દિવસ 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) ડો. વિદ્યાસગર રોય (B) ડો. વિશ્વંભર રોય
(C) ડો. બિધાનચંદ્ર રોય (D) ડો. વિદ્યાચંદ્ર રોય **(C)**

3. 'GST દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 1 જુલાઈ (B) 2 જુલાઈ (C) 3 જુલાઈ (D) 4 જુલાઈ **(A)**

4. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ડો. નિરજા ગુપ્તા (B) ડો. નિમાબેન પંડયા
(C) ડો. સુરેશ મહેતા (D) ડો. સંજય પુરોહિત **(A)**

5. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?
(A) 1920 (B) 1949 (C) 1963 (D) 1975 **(B)**

6. ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હતું ?
(A) મહાત્મા ગાંધીજી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
(C) શ્રી કસ્તુરભાઈ લાલભાઈ (D) શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા **(D)**

7. તાજેતરમાં ભારત એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપમાં કેટલામી વખત વિજેતા બન્યું છે ?
(A) પાંચમી (B) આઠમી (C) અગિયારમી (D) બારમી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

75% BIG વનરક્ષક DISCOUNT (WITHOUT MATERIAL) 4000/- 999/- 6 MONTHS VALIDITY 6000/- 1499/- 12 MONTHS VALIDITY

VMC-જૂ.ક્લાર્ક Recorded Batch નવા Syllabus મુજબ 666/- 3 Months Validity 999/- 6 Months Validity

TAT (HS) PRELIM Recorded Batch 699/- 3 Months Validity 999/- 6 Months Validity

## ગુજરાત

➤ **ગુજરાતમાં નવા 51 યોગ સ્ટુડિયોનું નિર્માણ કરવામાં આવશે**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં 21 જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સુરત ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં નવા 51 યોગ સ્ટુડિયો નિર્માણ કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે ગુજરાત સરકારે રાજ્યમાં યોગને પ્રોત્સાહન આપવા માટે યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી જેના કારણે 5000 જેટલા લોકોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નોંધનીય છે કે વિશ્વ યોગ દિવસ નિમિત્તે સુરત ખાતે 1.50 લાખ નાગરિકોએ યોગાઅભ્યાસમાં જોડાઈને ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ દર્જ કરાવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કૈલાસ માન સરોવર યાત્રા માટે પ્રોત્સાહન સહાય રૂ. 23 હજારથી વધારીને 50 હજાર કરવામાં આવી**

કૈલાસ માન સરોવરની યાત્રાએ જતા ગુજરાતના યાત્રિકોને મળતી પ્રોત્સાહન સહાય વધારીને 50 હજાર રૂપિયા કરવાની જાહેરાત તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરી હતી. અગાઉ સરકાર ગુજરાતના યાત્રિકોને પ્રતિ વ્યક્તિ 23 હજાર રૂપિયાની સહાય અપાતી હતી. તેમાં સરકારે વધારો કરવાનો નિર્ણય કર્યો છે.નોંધનીય છે કે આ યાત્રા કરનારને પ્રતિ વ્યક્તિ 2 થી 2.5 લાખ રૂપિયા જેટલો ખર્ચ આવે છે. અગાઉ સરકાર યાત્રિકોને નોંધણી વખતે યાત્રામાં કામ લાગે તેવી વસ્તુઓની 3 હજાર રૂપિયાની કીટ અને પરત ફરે પછી જરૂરી સાબિતી આપ્યા બાદ તેમને 20,000 રૂપિયાની રોકડ સહાય અપાતી હતી. વર્ષ 2001થી ગુજરાત સરકારે આ યોજના લાગુ કરી છે. જેમાં ગુજરાતથી દિલ્હી જવા માટેના સેકન્ડ સ્લીપર કોચના રેલભાડા ઉપરાંત અન્ય પ્રવાસ ખર્ચનો અંદાજ આંકીને તેના 50 ટકા પરંતુ મહત્તમ 20 હજાર રૂપિયાની સહાય મળવાપાત્ર છે.

## ભારત

### ➤ ભારતે UAV નિકાસ નીતિને ઉદાર બનાવી

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)એ તાજતેરમાં ભારતમાંથી ડ્રોન/UAVની નિકાસને સંચાલિત કરતી નીતિમાં નોંધપાત્ર ફેરફારો લાગુ કર્યા છે. નાગરિક ઉપયોગ માટે ઉચ્ચ તકનીકી વસ્તુઓની નિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે DGFTએ ડ્રોન નિકાસની આસપાસના નિયમોને સરળ અને ઉદાર બનાવ્યા છે. અગાઉ ડ્રોન SCOMET સૂચિની પ્રતિબંધિત કેટેગરી 5B હેઠળ આવતા હતા, જે નાગરિક અને લશ્કરી એપ્લિકેશન બંનેમાં દ્વિ–ઉપયોગની ક્ષમતા ધરાવતી વસ્તુઓનું નિયમન કરે છે. નિકાસકારોએ SCOMET લાયસન્સ મેળવવું જરૂરી હતું, જે ખાસ કરીને માત્ર નાગરિક ઉપયોગ માટે મર્યાદિત ક્ષમતાવાળા ડ્રોન માટે પડકારો ઉભા કરે છે. આ પડકારોનો સામનો કરવા માટે DGFTએ ડ્રોન્સની નિકાસ માટે જનરલ ઓથોરાઈઝેશન (GAED) રજૂ કર્યું હતું. ચોક્કસ માપદંડોને પૂર્ણ કરતા ડ્રોન હવે આ અધિકૃતતા માટે પાત્ર છે, જેનાથી નિકાસ પ્રક્રિયા સરળ બને છે. માપદંડોમાં 25 કિ.મી.ની બરાબર અથવા તેનાથી ઓછી રેન્જ 25 કિલોથી વધુનો પેલોડ (સોફ્ટવેર અને ટેકનોલોજી સિવાય) અને નાગરિક ઉપયોગ માટે સ્પષ્ટ હેતુનો સમાવેશ થાય છે.

### ➤ ચંદ્રયાન-3 ચંદ્રયાન-2ના લેન્ડર અને રોવરના નામ જાળવી રાખશે

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)એ આગામી ચંદ્રયાન-3 મિશનના લેન્ડર અને રોવર માટે સમાન નામોનો ઉપયોગ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. ચંદ્રયાન-3ના લેન્ડરને વિક્રમભાઈ સારાભાઈના નામ પરથી 'વિક્રમ' નામ આપવામાં આવશે, જ્યારે રોવરને 'પ્રજ્ઞાન' કહેવામાં આવશે. ચંદ્રયાદન-3 મિશનને જુલાઈ 2023માં લોન્ચિંગ કરવાની યોજના બનાવવામાં આવી છે.

### ➤ ઓડિશા ક્વોલિટી રિઝોલ્યુશન (ઓડિશા ગુણવત્તા સંકલ્પ)

ઓડિશા ક્વોલિટી રિઝોલ્યુશન એ ઓડિશા સરકાર, ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) અને વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા શરૂ કરાયેલ એક સહયોગી પહેલ છે. આ મિશનનો ઉદ્દેશ ઓડિશા રાજ્યની અંદર વિવિધ ક્ષેત્રોમાં ગુણવત્તાને પ્રાધાન્ય આપવા અને પ્રોત્સાહન આપવાનો છે. ઓડિશા ક્વોલિટી રિઝોલ્યુશનનો પ્રાથમિક ઉદ્દેશ્ય વિવિધ ક્ષેત્રોમાં ગુણવત્તાને પ્રોત્સાહન આપવા અને તેને પ્રાથમિકતા આપવાનો છે. તેમાં જાહેર સેવા વિતરણ, હેરિટેજ પર્યટન, આરોગ્ય સંભાળ, શિક્ષણ, કૌશલ્ય અને માળખાકીય વિકાસ જેવા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

➤ **હેલેન કેલર દિવસ**



ભારતના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય હેઠળના વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગે 27 જૂન 2023ના રોજ 'હેલેન કેલર દિવસ'ની ઉજવણી કરી હતી. હેલેન કેલેરના નોંધપાત્ર જીવન અને સિદ્ધિઓને યાદ કરવામાં આવે છે, જે તેના બહેરાશ અને અંધત્વને દૂર કરીને લાખો લોકો માટે પ્રેરણા બની છે. વિકલાંગતા હોવા છતાં કેલરના નિશ્ચય અને દ્રઢતાએ તેણીને એક જાણીતા લેખક, 'અમેરિકન ફાઉન્ડેશન ફોર ધ બ્લાઈન્ડ' સ્થાપક અને વિકલાંગ વ્યક્તિઓ માટે પ્રખર હિમાયતી બનવા તરફ પ્રેરિત કર્યા. 1903માં પ્રકાશિત તેમની આત્મકથા 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ' તેમની સૌથી પ્રખ્યાત રચનાઓમાંની એક છે. સુશ્રી હેલેન કેલરનો જન્મ 27 જૂન, 1880ના રોજ અમેરિકાના અલાબામા રાજ્યના તુસ્કમ્બિયા ખાતે થયો હતો.

➤ **બેન્કિંગ ઓન વર્લ્ડ હેરિટેજ : G20 ચલણ પ્રદર્શન**

ભારત 'બેન્કિંગ ઓન વર્લ્ડ હેરિટેજ' પ્રદર્શનનું આયોજન કરી રહ્યું છે, જેમાં UNESCO વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ દર્શાવતા G20 દેશોની ચલણી નોટોનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સમાં આયોજિત પ્રદર્શન ચલણના સાંસ્કૃતિક મહત્ત્વ પર પ્રકાશ પાડે છે. તેમાં ભારતીય ચલણી નોટોનો પણ સમાવેશ થયેલ છે, જેમાં સૂર્ય મંદિરની સાથેની રૂ. 10ની નોટ, ઈલોરા ગુફાઓ સાથેની 20ની નોટ, લાલ કિલ્લા સાથેની 500ની નોટ અને કંચજંગા પર્વત તથા રાણકી વાવ દર્શાવતી બે 100ની નોટનો સમાવેશ થાય છે. આ ઈવેન્ટ એ વાત પર ભાર મૂકે છે કે દરેક ચલણી નોટ દેશનો સાંસ્કૃતિક વારસો ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ખર્ચી પૂજા તહેવાર : ત્રિપુરા**

તાજેતરમાં ચર્ચામાં રહેલ ખર્ચી પૂજા તહેવાર એ ત્રિપુરા રાજ્યમાં ઉજવવામાં આવતો એક મહત્વપૂર્ણ તહેવાર છે. આ તહેવાર આ વર્ષે 26 જૂને શરૂ થયો હતો અને 2 જુલાઈ સુધી ઉજવવામાં આવશે. તેને 14 દેવોના ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. તહેવાર દરમિયાન ત્રિપુરાના લોકો તેમના 14 દેવતાઓને 'ચંતાઈ'(શાહી પૂજારી)ના સભ્યો દ્વારા 'સૈદરા' નદી પર લઈ જવામાં આવે છે. દેવતાઓને પવિત્ર જળથી સ્નાન કરાવવામાં આવે છે અને મંદિરોમાં પાછા લાવવામાં આવે છે. ખર્ચી શબ્દ બે ત્રિપુરી શબ્દો પરથી આવ્યો છે. ખર અથવા ખરતા શબ્દનો અર્થ થાય છે પાપ અને ચી અથવા સી શબ્દનો અર્થ થાય છે સ્વચ્છતા.

➤ **ભારતીય વાયુસેના 'તરંગ શક્તિ' કવાયત હાથ ધરશે**

ભારતીય વાયુસેના (IAF) તરંગ શક્તિ નામની મહત્વપૂર્ણ બહુપક્ષીય કવાયત હાથ ધરવાની તૈયારી કરી રહી છે. આ કવાયતનો ઉદ્દેશ્ય 12 દેશોની વાયુ સેના સાથે સૈન્ય સહયોગ વધારવાનો છે. ભારતમાં આયોજિત અત્યાર સુધીની સૌથી મોટી હવાઈ કવાયત હોવાની અપેક્ષા છે, જેમાં વિવિધ દેશોની ભાગીદારી અને તેમની લશ્કરી સંપત્તિ સામેલ છે. જોકે કવાયતનું સ્થાન જાહેર કરવામાં આવ્યું નથી.

➤ **ચેન્નાઈ-વ્લાદિવોસ્તોક સમુદ્રી માર્ગ**

ભારત અને રશિયા ચેન્નાઈ–વ્લાદિવોસ્તોક સમુદ્રી માર્ગ શરૂ કરવાનું વિચારી રહ્યા છે. વ્લાદિવોસ્તોક–ચેન્નાઈ માર્ગ જાપાનના સમુદ્ર, દક્ષિણ ચીન સમુદ્ર અને મલક્કાની સ્ટેટમાંથી પસાર થાય છે.2019ની મુલાકાત દરમિયાન ભારતના વડાપ્રધાનશ્રીએ રશિયન રાષ્ટ્રપતિ સાથે 'વ્લાદિવોસ્તોક પોર્ટ અને ચેન્નાઈ પોર્ટ વચ્ચે મેરીટાઈમ કોમ્યુનિકેશનના વિકાસ' પર મેમોરેન્ડમ ઓફ ઈન્ટેટ (MoI) પર હસ્તાક્ષર કર્યા હતા. આ રૂટની વિશેષતા એ છે કે તે પરિવહનનો સમય ઘટાડીને 10-12 દિવસ કરી દેશે, જે સેન્ટર પીટર્સબર્ગથી મુંબઈ સુધીના હાલના રૂટ દ્વારા લેવામાં આવતા પરિવહન સમયના લગભગ એક તૃતિયાંશ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **JDCC બેઠકમાં ભારત અને તાંઝાનિયાએ સંરક્ષણ સંબંધો મજબૂત કર્યા**



તાજેતરમાં ભારત અને તાંઝાનિયા વચ્ચે સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિ (JDCC)ની બીજી આવૃત્તિ તાંઝાનિયાના અરુશામાં યોજાઈ હતી. આ બેઠકમાં હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા વધારવા માટે સહકારી તકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બંને પક્ષો સંરક્ષણ સહયોગ માટે પાંચ વર્ષના રોડમેપ પર સંમત થયા હતા. જેમાં વૈવિધ્યપૂર્ણ તાલીમ, ક્ષમતા નિર્માણ, દરિયાઈ સહયોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને સંરક્ષણ સાધનો અને ટેક્નોલોજીમાં સહકાર જેવી વિવિધ પહેલોનો સમાવેશ થાય છે. તાંઝાનિયા એ પૂર્વ આફ્રિકાનો સૌથી મોટો દેશ છે અને તેમાં ઝાંઝીબાર, પેમ્બા અને માફિયા ટાપુઓનો સમાવેશ થાય છે.

➤ **શ્રી અજય બંગા 'ગ્રેટ ઈમિગ્રેન્ટ્સ'ની યાદીમાં સામેલ**



ન્યૂયોર્કના કાર્નેગી કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલી વાર્ષિક 'ગ્રેટ ઈમિગ્રેન્ટ્સ' યાદીમાં વિશ્વ બેંકના અધ્યક્ષ શ્રી અજય બંગાનો સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે તેઓ જૂન 2023માં જ વર્લ્ડ બેંકના અધ્યક્ષ બન્યા હતા. 'ગ્રેટ ઈમિગ્રેન્ટ્સ' પહેલ એ એન્ડ્રુ કાર્નેગી (એક સ્કોટિશ ઈમિગ્રેન્ટ)ના વારસાને શ્રદ્ધાંજલિ છે, જે અસાધારણ વ્યક્તિઓને માન્યતા આપે છે જેમણે અમેરિકામાં સફળતા હાંસલ કરી છે અને જીવંત અને સ્થિતિસ્થાપક લોકશાહિને પ્રોત્સાહન આપ્યું છે અને અન્ય લોકોને પણ પ્રેરિત કર્યા છે.

➤ **ભારતે CDRI સાથેના મુખ્યમથક કરારને મંજૂરી આપી**

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે ભારત સરકાર અને ગઠબંધન ફોર ડિઝાસ્ટર રેઝિલિએન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) વચ્ચેના મુખ્ય મથક કરાર (HQA)ને મંજૂરી આપી છે. CDRI એ એક સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જેમાં રાષ્ટ્રીય સરકારો, સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને કાર્યક્રમો, બહુપક્ષીય બેંકો અને ધિરાણ પદ્ધતિઓ, ખાનગી ક્ષેત્ર અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓની વૈશ્વિક ભાગીદારીનો સમાવેશ થાય છે. તેનો ઉદ્દેશ ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા માટે આબોહવા અને સ્થિતિસ્થાપક ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ ફ્રેમવર્ક સિસ્ટમ વિકસાવવાનો છે. તેની શરૂઆતથી 31 દેશો, 6 આંતરરાષ્ટ્રીય સંસ્થા અને 2 ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ CDRIના સભ્યોમાં જોડાયા છે. CDRI ભારતને કલાઈમેટ એકશન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.






1. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અમદાવાદના ચાંદલોડિયા વોર્ડમાં.......... ખાતે ઓક્સિજન પાર્કના નિર્માણ કાર્યનું ઉદ્ઘાટન કર્યુ હતું. – ત્રાગડ

2. ચાઈલ્ડ હેલ્પલાઈન 1098 કઈ હેલ્પલાઈન સાથે સંકલિત કરવામાં આવશે ? – 112

3. કયા કેન્દ્રીય મંત્રાલયે વિશેષ કાર્યક્રમ 'ઓશન રિંગ ઓફ યોગા'નું આયોજન કર્યુ હતું ? – આયુષ મંત્રાલય

4. તાજેતરમાં કઈ સંસ્થાએ 'ગ્લોબલ ફૂડ પોલિસી રિપોર્ટ (GFPR) 2023' બહાર પાડયો છે ? – IFPRI

5. તાજેતરમાં કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં ડ્રગના જોખમને ડામવા માટે 'ઓપરેશન કવચ' શરૂ કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

6. પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કયા દેશે UNWTO સાથે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – ભારત

7. ગ્રીસની રાષ્ટ્રીય ચૂંટણીમાં ન્યૂ ડેમોક્રેસી પાર્ટીના ............ ને સ્પષ્ટ બહુમતી મળી છે. – કિરાયાકોસ મિત્સોતાકી

8. 'ગોવા ડિક્લેરેશન' જે તાજેતરમાં સમાચારમાં હતું. તે કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – પ્રવાસન

9. કયો કેન્દ્રશાસિત પ્રદેશ 'નોન–કન્ફોર્મિંગ ઈન્ડસ્ટ્રીયલ એરિયા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ' અમલમાં મૂકવા જઈ રહ્યું છે ? – નવી દિલ્હી

10. કયું રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશ ABADHA યોજના લાગુ કરે છે ? – ઓડિશા

11. તાજેતરમાં ત્રણેય ફોર્મેટમાં સદી નોંધાવનાર.............બીજી મહિલા ક્રિકેટર બની છે. – સુશ્રી ટેમી બ્યૂમોન્ટ (ઈંગ્લેન્ડ)

12. શ્રી રોહન બોપન્ના કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ટેનીસ

13. 'વિક્ટર 6000' જે ટાઈટન સબમર્સિબલના બચાવ કાર્યમાં સામેલ હતું, તે કયા દેશમાં વિકસાવવામાં આવ્યું હતું ? – ફ્રાન્સ

14. કયા કેન્દ્રીય મંત્રાલયે 'PM–કિસાન મોબાઈલ એપ વિથ ફેસ ઓથેન્ટિફેશન ફીચર' લોન્ચ કરી છે ? – કૃષિ અને પરિવાર કલ્યાણ મંત્રાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

15. કયો ખેલાડી સતત 100 ટેસ્ટ રમનાર પ્રથમ સ્પિનર બન્યો છે ? – નાથન લાયન (ઓસ્ટ્રેલિયા)

16. મહારાષ્ટ્રના મુંબઈમાં બાંદ્રા–વર્સોવા સી લિંકનું નામ બદલીને નવું નામ શું રાખવામાં આવ્યું છે ? – વીર સાવકર સેતુ

17. 'જોહા' અથવા 'ઝોહા' ચાવલ જે તાજેતરમાં સમાચારોમાં હતું. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – આસામ
(ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડી ઈન સાયન્સ એન્ડ ટેક્નોલોજીના વૈજ્ઞાનિકોએ જોહા ચોખાના ન્યુટ્રાસ્યુટિકલ ગુણધર્મો પર સંશોધન હાથ ધર્યુ હતું, જે ભારતના ઉત્તરપૂર્વીય પ્રદેશમાં ખાસ કરીને આસામમાં ઉગાડવામાં આવતા સુગંધિત ચોખા છે. તે બ્લડ સુગરના સ્તરને ઘટાડવામાં અને ડાયાબિટીસની શરૂઆતને રોકવામાં અસરકારક છે.)

18. કયા દેશમાં પુરાતત્વવિદોએ 4000 વર્ષ જૂનું અભયારણ્ય શોધી કાઢ્યું છે ? – નેધરલેન્ડ

19. તાજેતરમાં ભારતના કયા પાડોશી દેશે નેશનલ ડિફેન્સ મોબિલાઈઝેશન ઓફિસની સ્થાપના કરી છે ? – ચીન

20. જાણીતા ઓસ્ટ્રિયન કલાર ગુસ્તાવ કિલ્મ્ટની પેઈન્ટિંગ 'ડેમમિટ ફેચર' અથવા 'લેડી વિથ અ ફેન' છે. જેની તાજેતરમાં .......... માં હરાજી થઈ હતી. – 108 મિલિયન ડોલર

21. તાજેતરમાં કોને 'PEN Pinter Prize 2023' એનાયત કરવામાં આવ્યું છે ? – માઈકલ રોસેન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





# 'ICE MAGIC' વિશે વાચકોના મંતવ્ય આવકાર્ય

## અમૃત ચૌધરી



હું છેલ્લા 2 વર્ષથી ICEનું કરંટ ઝેરોક્ષ કરાવીને વાંચુ છું અને બીજા બધા કરંટ કરતા ICE CURRENTની લખાવટ એકદમ સરળ છે. જલ્દી મગજમાં ઉતરી જાય છે અને ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે હું હંમેશા મારા મિત્રોને ICE MAGIC SUGGEST કરું છું.

Thank you ICE RAJKOT

## ખેતરાજ બગડા (ગામ : બેલા, તા. રાપર, જિ. કચ્છ)

ICE MAGIC ખૂબ જ અતિ સરસ છે. ICE MAGIC કરંટમાં અમને ભરપૂર વિશ્વાસ સાથે હજુ સુધી કોઈ અન્ય પ્રકાશન વાંચ્યું નથી. લાસ્ટ કોન્સ્ટેબલ અને ફોરેસ્ટની પરીક્ષાઓ સારા માર્કસે પાસ કરી પણ બંનેમાં દુર્ભાગ્ય એક બે માર્કસ માટે રહી ગયો. પણ ICE MAGICનું કરંટ ખૂબ જ ઉપયોગ બન્યું હતું.

આ મેગેઝિન લગભગ આખા ગુજરાતમાં ઉપયોગ કરે છે. મારા ફ્રેન્ડ તો ફક્ત ને ફક્ત ICE MAGICનો જ ઉપયોગ કરે છે. હું છેક છેવાડા વિસ્તાર એટલે કે ભારત પાકિસ્તાનની બોર્ડર બેલા બેટથી છું અને મારા માટે કરંટનો જો કોઈ ઓપશન હોય તો તે માત્ર ને માત્ર ICE MAGIC છે. આ મેગેઝિન દ્વારા સંપૂર્ણ કરંટ કવર થઈ જાય છે. આપને એક જ નમ્ર વિનંતી કે આ મેગેઝિન આ રીતે જ આપ આપશો તો છેક છેવાડે રહેતો વિદ્યાર્થી પણ આ એક મોટી સેવાનો લાભ લઈ શકશે અને ખૂબ આશીર્વાદ રૂપ બનશે. ગુજરાતની સૌથી સારી રિજલ્ટ આપતી સંસ્થા એટલે કે ICE આ સંસ્થાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

Thank you ICE RAJKOT

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સુરેશભાઈ** (ગામ : જોરવાડા, તા. ભાભર, જિ. બનાસકાંઠા)

આપનું રોજ વીકલી ICE MAGIC મેગેઝિન જે બહાર પડે છે. તે મારા માટે ખૂબ જ મદદરૂપ સાબિત થયું છે.

હમણાં જ લેવાયેલ વર્ગ 3થી લઈને વર્ગ 1/2 સુધીના પરીક્ષાઓમાં ICE MGIACE કરંટના ઘણા બધા પ્રશ્ન હતા. આવનાર સમયમાં પણ ઘણું મદદરૂપ થશે એવો વિશ્વાસ છે.

Thank you ICE RAJKOT

ઉપરોક્ત અભિપ્રાયો મુજબ તમે પણ તમારો અભિપ્રાય

**9737701110 (Only Whats App)** નંબર પર આપો........

તમારો ફોટોગ્રાફ અભિપ્રાય સાથે મોકલવા વિનંતી....

**to be continued......**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




ગુજરાત સરકારમાં
જૂ.ક્લાર્ક
પદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને
અભિનંદન
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
ABHAYKUMAR BHATT
KISHANKUMAR DHOLAKIYA
NEHAL DAVE
HETALBEN SAKARIYA
NEHA VORA
DEEPALI BHIMANI
KRISHNABA JADEJA
SHUBHAM JANI
SUNILKUMAR GADHAVI
Proud Of You...


ગુજરાત સરકારમાં
જૂ.ક્લાર્ક
પદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને
અભિનંદન
INSTITUTE FOR COMPETITIVE EXAMS
PAYAL MAVADIYA
BHOOMI PARMAR
KAUSTUBH DAVE
DIVYESHKUMAR HATHALIYA
PUJAN BHALARA
ANKURKUMAR PANDYA
SHITAL PARMAR
NIKUNJ VEKARIYA
TEJAL DAFDA
Proud Of You...


ગુજરાત સરકારમાં
જૂ.ક્લાર્ક
પદે સફળતા પ્રાપ્ત કરનાર
ICEના સર્વ વિદ્યાર્થીઓને
અભિનંદન
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
HINABA CHUDASAMA
DIPAKKUMAR SINGAL
MAULIK SOLANKI
SANDIP KHER
TUSHAR VAGHANI
ANJALI BHUNDIYA
JAGDISHBHAI SONAGARA
YAGNESHKUMAR BHATT
VISHAL TANK
MUKESHBHAI PARMAR
Proud Of You...

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT